RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 8 * Issue No. 143* Date: 22.03.2022 Tuesday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### વર્ષનું પહેલું વાવાઝોડું આવી ગયું

## આસની વાવાઝોડું,ભારે પવન સાથે વરસાદ, માછીમારોને દરિયો ન ખેડવાની ચેતવણી

નવીદિલ્હી,તા.૨૧

બંગાળની ખાડીમાં સર્જાયેલું વાવાઝોડું આસની અંદમાન અને નિકોબારમાં દરિયાકાંઠે ગમે ત્યારે ત્રાટકશે. આ સ્થિતિમાં ભારતીય કોસ્ટ ગાર્ડે બંગાળની ખાડી અને અંદમાન અને નિકોબાર ટાપુઓ પર તમામ ખલાસીઓને અને માછીમારો માટે ચેતવણી જાહેર કરી છે. માછીમારોને દરિયો ન ખેડવાની ચેતવણી આપવામાં આવી છે. વાવાઝોડાને કારણે અંદમાન અને નિકોબારમાં ભારે પવન અને વરસાદ પડી રહ્યો છે.વાવાઝોડાને કારણે પોર્ટ બ્લેયર અને આસપાસના ટાપુઓ વચ્ચે ચાલતા તમામ જહાજોને દરિયામાં જવાથી અટકાવી દેવામાં આવ્યા છે. મુસાફરો માટે હેલ્પલાઇન નંબર ૦૩૧૯૨-૨૪૫૫૫૫/ ૨૩૨૭૧૪ અને ટોલ ફ્રી નંબર ૧-૮૦૦-૩૪૫-૨૭૧૪ જાહેર કરવામાં આવ્યો છે.

મોડી રાત્રે એક ટ્વિટમાં, હવામાન વિભાગે જણાવ્યું હતું કે, આંદામાન સમુદ્ર પર, નિકોબાર ટાપુઓના ૨૫૦ કિમી ઉત્તર-ઉત્તરપૂર્વ અને પોર્ટ બ્લેરના ૮૦ કિમી દક્ષિણ-દક્ષિણપૂર્વમાં ચક્રવાત અસાની ઉત્તર તરફ આગળ વધી રહ્યું છે જે ટાપુઓને પ્રભાવિત કરી રહ્યું છે તે વધુ તીવ્ર થવાની તૈયારીમાં છે, અને આગામી ૧૨ કલાકમાં 'ડીપ ડિપ્રેશન'માં બદલવાની શક્યતા છે.

હવામાન વિભાગે ચક્રવાત અસાનીનું લેન્ડફોલ પોઇન્ટ શું હશે તેનો ઉલ્લેખ નથી કર્યો. એક વરિષ્ઠ આઇએમડી વૈજ્ઞાનિકે જણાવ્યું કે, અમે ચક્રવાત અસાની માટે કોઈ લેન્ડફોલ પોઈન્ટનો ઉલ્લેખ નથી કર્યો અથવા આગાહી નથી કરી. તે આંદામાન અને નિકોબાર ટાપુઓ સાથે આગળ વધશે, પછી પૂર્વ-મધ્ય બંગાળની ખાડી અને મ્યાનમારના દરિયાકાંઠે, ધીમે ધીમે તેની તીવ્રતામાં ઘટાડો થશે.

આઈએમડીએ જણાવ્યું કે, આંદામાન અને નિકોબાર ટાપુઓ ૫૫-૬૫ કિમી પ્રતિ કલાકની ઝડપે ૭૫ કિમી પ્રતિ કલાકની મહત્તમ ઝડપે ફૂંકાતા જોરદાર પવનનો અનુભવ કરવા માટે તૈયાર છે. જે વધુમાં વધુ ૭૫ કિમી પ્રતિ કલાકની ઝડપે પણ પહોંચી શકે છે. ચક્રવાત અસાનીની સંભવિત અસરની યાદીમાં પાવર લાઈનોમાં આંશિક વિક્ષેપ, રસ્તાઓ પર પાણીનો ભરાવો, સ્થાનિક ભૂસ્ખલન વગેરેનો સમાવેશ થાય છે.આંદામાન અને નિકોબાર ટાપુઓના જે વિસ્તારોમાં ચક્રવાત અસાનીથી પ્રભાવિત થવાની સંભાવના છે ત્યાં પ્રવાસી પ્રવૃત્તિઓ સ્થગિત કરવામાં આવી છે.

અધિકારીએ કહ્યું હતું કે, આબોહવાની રીતે માર્ચ એ ચક્રવાતની મોસમ નથી. આ એપ્રિલ અને મે છે. માર્ચમાં સમુદ્ર ઠંડો હોય છે અને સૌર ઈન્સોલેશન બહુ વધારે હોતું નથી. માર્ચમાં દેશના ઉત્તરીય ભાગોમાં પશ્ચિમી પ્રણાલીઓ પ્રબળ હોય છે અને દ્વીપકલ્પના પ્રદેશમાં પૂર્વીય તરંગો પ્રબળ હોય છે.

ચક્રવાત અસાનીના કારણે આંદામાન અને નિકોબાર ટાપુઓ અને બંગાળની ખાડી સિવાય ભારતના દરિયાકાંઠાના રાજ્યોમાં ભારે પવન ફૂંકાઈ શકે છે અને વરસાદ પણ પડી શકે છે

હવામાન વિભાગે ૨૦૨૨ ના પ્રથમ વાવાઝોડા અંગે પહેલેથી જ ચેતવણી જાહેર કરી દીધી હતી. હવામાન વિભાગે કહ્યું હતું કે બંગાળની ખાડી અને તેની નજીકના દક્ષિણ અંદમાન સમુદ્રમાં બનેલા હળવા દબાણનું ક્ષેત્ર ચક્રવાતી વાવાઝોડાનું સ્વરૂપ લઈ શકે છે.આઈએમડીના ડિરેક્ટર મૃત્યુંજય મહાપાત્રાએ જણાવ્યું કે ૧૮૯૧-૨૦૨૨ વચ્ચે માર્ચ મહિનામાં અત્યાર સુધીમાં માત્ર ૮ ચક્રવાત (બે અરબી સમુદ્રમાં અને ૬ બંગાળની ખાડીમાં) આવ્યા છે. આસની માર્ચમાં અંદમાન-નિકોબાર ટાપુઓ પર ત્રાટકનાર પ્રથમ ઉષ્ણકટિબંધીય ચક્રવાત બની શકે છે. છેલ્લા ૧૩૨ વર્ષમાં માર્ચમાં એક પણ ઉષ્ણકટિબંધીય ચક્રવાત આ વિસ્તારમાં આવ્યું નથી.

અસાની વાવાઝોડું આંદામાન અને નિકોબાર દ્વીપ સમૂહ ખાતે પહોંચી ગયું છે. ત્યારે આ બધા વચ્ચે સોમવારે સવારે ભૂકંપના આંચકા પણ અનુભવાયા હતા. ભૂકંપ વિજ્ઞાન કેન્દ્રના અહેવાલ પ્રમાણે રિક્ટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા ૪.૩ મેગ્નિટ્યુડ જેટલી નોંધાઈ હતી.

આંદામાન અને નિકોબાર દ્વીપ સમૂહના ૨૭૬ કિમી ઉત્તર-ઉત્તર-પશ્ચિમમાં દિગલીપુર પાસે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ભૂકંપનું કેન્દ્ર ૧૫.૬૬ અક્ષાંસ અને ૯૨.૩૦ રેખાંશ ઉપર ૩૯ કિમી ઉંડાણમાં નોંધાયું હતું. ભૂકંપ વિજ્ઞાન કેન્દ્રના અહેવાલ પ્રમાણે સોમવારે સવારે ૩:૨૫ કલાકે ભૂકંપના આંચકા આવ્યા હતા. જોકે સદનસીબે હજુ સુધી ભૂકંપના કારણે કોઈ જાનહાનિના સમાચાર સામે નથી આવ્યા. હવામાન વિભાગે ૨૦૨૨ ના પ્રથમ વાવાઝોડા અંગે પહેલેથી જ ચેતવણી જાહેર કરી દીધી હતી. હવામાન વિભાગે કહ્યું હતું કે બંગાળની ખાડી અને તેની નજીકના દક્ષિણ અંદમાન સમુદ્રમાં બનેલા હળવા દબાણનું ક્ષેત્ર ચક્રવાતી વાવાઝોડાનું સ્વરૂપ લઈ શકે છે.આઈએમડીના ડિરેક્ટર મૃત્યુંજય મહાપાત્રાએ જણાવ્યું કે ૧૮૯૧-૨૦૨૨ વચ્ચે માર્ચ મહિનામાં અત્યાર સુધીમાં માત્ર ૮ ચક્રવાત (બે અરબી સમુદ્રમાં અને ૬ બંગાળની ખાડીમાં) આવ્યા છે.



### મત મેળવવા માટે મોદી સરકાર ખજાનો લુટાંવી રહી છે

## સરકાર મફત અનાજ સહિત કલ્યાણ યોજનાઓ પર ભારે ભારે રકમ ખર્ચ કરી રહી છે. : યશવંત સિન્હા

નવીદિલ્હી,તા.૨૧

પૂર્વ કેન્દ્રીય નાણાંમંત્રી યશવંત સિન્હાનું માનવુ છે કે નરેન્દ્ર મોદી સરકાર દ્વારા કલ્યાણ યોજનાઓ પર ભારે ખર્ચના કારણે રાજકોષીય સ્થિતિ ખુબ ખરાબ અસર પડી રહી છે અને રાજકોષીય નુકસાન અસામાન્ય રીતે ખુબ ઉચા સ્તર પર પહોંચી ગયું છે.સિન્હાએ કહ્યું કે એ આશ્ચર્યની વાત છે કે કોઇને પણ સરકારની રાજકોષીય સ્થિતિની ચિંતા નથી સરકાર પણ ખુદ ચિંતા કરતી નથી.તૃણમૂલ કોંગ્રેસના ઉપાધ્યક્ષ સિન્હાએ કહ્યું કે મોદી સરકાર મફત અનાજ સહિત અન્ય કલ્યાણ યોજનાઓ પર ભારે ભરકમ રકમ ખર્ચ કરી રહી છે સરકારની રાજકોષની સ્થિતિ ડામાડોળ છે રાજકોષીય નુકસાન અસામાન્ય રીતે ખુબ ઉચા સ્તર પર છે આ સરકારના તે આંકડાઓથી પણ વધુ છે જેને વિશ્વાસ માની શકાય નહીં.

દેશના રાજકોષીય નુકસાન ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨માં સકલ ઘરેલુ ઉત્પાદન (જીડીપી)ના ૬.૯ ટકા રહેવાનું અનુમાન છે પહેલા તે૬.૮ ટકા રહેવાનું અનુમાન હતું સિન્હાએ આરોપ લગાવ્યો કે આજે સરકારની આર્થિક નીતિઓ એ આધાર પર નક્કી થાય છે કે શું તેનાથી તેને ચુંટણી જીતવામાં મદદ મળશે કે નહીં

તેમણે કહ્યું કે તેનાથી એક તરફ ગરીબો માટે કલ્યાણ ચાલી રહ્યું છે તો બીજી તરફ પસંદગીના કોર્પોરેટ અત્યાશિત લાભ ઉઠાવી રહ્યાં છે આ એવું થઇ રહ્યું છે કે જેને લઇ દેશમાં કોઇને ચિંતા નથી સિન્હાએ કહ્યું કે આ મજબુત રાજકોષીય નીતિઓ અને મજબુત આર્થિક નીતિઓની વચ્ચે સ્પષ્ટ રીતે અસંતુલનની સ્થિતિ છે આ આજની સચ્ચાઇ છે. એક સવાલના જવાબમાં સિન્હાએ કહ્યું કે ભારતીય અર્થવ્યવસ્થાને ફુગાવો અને વૃધ્ધિના પડકારાથી ઝઝુમવું પડશે ચાલુ નાણાંકીય વર્ષમાં એશિયાની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થાનો વૃધ્ધ દર ૮.૯ ટકા રહેવાનું અનુમાન છે વડાપ્રધાન મોદીના ટીકાકાર ગણાતા સિન્હાએ કહ્યું કે આજે અર્થવ્યવસ્થાને સરકારની સાથે સાથે ખાનગી ક્ષેત્રથી રોકાણની જરૂરત છે. પૂર્વ નાણાંમંત્રીએ કહ્યું કે એવું થતુ જોવા મળી રહ્યું નનથી સરકારી રોકાણ વધી રહ્યું નથી ખાનગી રોકાણ પણ નબળુ છે તેમણે કહ્યું કે વ્યાજ દરોમાં વધારાને કારણે રોકાણ નબળુ છે.રોકાણના અભાવમાં ભારતીય અર્થવ્યવસ્થા પ્રગતિ કરી શકશે નહીં

ભારતીય અર્થવ્યવસ્થા પર રશિયા યુક્રેન યુધ્ધના પ્રભાવ પર સિન્હાએ કહ્યું કે આપણી અર્થવ્યવસ્થા ખુબ હદ સુધી આયાતિત કાચા તેલ પર ટકેલી છે આવામાં ફુગાવાના મોરચા પર અર્થવ્યવસ્થા પ્રભાવિત થશે

એ યાદ રહે કે છુટ ફુગાવો ફેબ્રુઆરીમાં ૬.૦૭ ટકાના આઠ મહીનાના ઉચા સ્તર પહોંચી ગયો છે આ રિઝર્વ બેંકના સંતોષજનક સ્તરથી વધુ છે.જથ્થાબંધ ફુગાવો પણ ૧૩.૧૧ ટકા પર પહોંચી ગયો છે.સિન્હા પૂર્વ વડાપ્રધાન અટલબિહારી બાજપાઇ સરકારના મંત્રીમંડળમાં સામેલ હતાં વરિષ્ઠ નેતાઓની સાથે મતભેદોના કારણે તેમણે ૨૦૧૮માં ભાજપથી સંબંધ તોડી નાખ્યો હતો.

## ઝારખંડનું ગુની સ્વચ્છતા અને સામૂહિક ખેતીમાં સર્વશ્રેષ્ઠ ગામ; જળ સંરક્ષણ માટે નેશનલ એવોર્ડ

ખૂંટી,તા.૨૧

ઝારખંડના ખૂંટી જિલ્લાનું ગુની ગામ. આ ગામ સ્વચ્છ અને આત્મનિર્ભર ભારતની એક નાનકડી તસવીર જેવું છે. આશરે ૪૦૦ લોકોની વસતી ધરાવતા આ આદિવાસી ગામમાં સંપૂર્ણ સ્વચ્છતા જોવા મળે છે. સમગ્ર ગામમાં વાંસની ૩૦ કચરાપેટી છે. અહીં કોઈ પણ પ્રકારના નશા પર પ્રતિબંધ છે.

જળ સંરક્ષણમાં તો આ ગામનું કામ એટલું શાનદાર છે કે, ભારત સરકારના ગ્રામીણ વિકાસ વિભાગે તેને નેશનલ વૉટર એવોર્ડ આપ્યો છે. વૉટર રિસોર્સ મેનેજમેન્ટમાં ગામનું દેશમાં ત્રીજું સ્થાન છે. ખાસ વાત એ છે કે, ગ્રામીણોએ આ તમામ સિદ્ધિઓ માંડ ત્રણ વર્ષમાં હાંસલ કરી છે. ખૂંટીના કલેક્ટર શશી રંજનના મતે, ગુનીના ગ્રામીણોએ ફક્ત પોતાના વિચારો અને મજબૂત ઈચ્છાશક્તિથી આ ગામની સિકલ બદલી નાંખી છે.

આ ગામના લક્ષ્મણ સાંગા, સીમા દેવી અને સંતોષીએ કહ્યું છે કે, ત્રણ વર્ષ પહેલા અહીં આશરે દરેક ઘરમાં ચોખાનો દારૂ બનતો. આખુ ગામ નશાની ચુંગાલમાં હતું. પછી ૨૦૧૯માં નશાથી એક ગ્રામીણનું મોત થઈ ગયું. ત્યાર પછી મહિલાઓએ પહેલ કરતા ગ્રામસભાએ ગામને નશામુક્ત કરવાનો નિર્ણય કર્યો. ગામમાં દારૂ તો ઠીક, સિગારેટ-ગુટખા તમામ પર પ્રતિબંધ છે. પછી તો મહિલાઓની કડકાઈને પગલે આખું ગામ નશામુક્ત થઈ ગયું છે.

ગામના ૬૫ ઘરના બાળકો-વડીલો છ ટુકડીમાં ગામની સફાઈ કરે છે. રોજ સવારે પાંચ વાગે સફાઈ માટે ઘંટ વાગે છે અને બધી ટુકડી નીકળી પડે છે. એટલે કે રોજ ૬૫ લોકો આખું ગામ સાફ કરે છે. જો કોઈ પરિવારનો સભ્ય ના આવવાનો હોય, તો ગ્રામસભાને કારણ આપવું પડે છે. આખા ગામમાં વાંસની ૩૦ કચરાપેટી મૂકાઈ છે.

ગ્રામીણોએ જળ સંરક્ષણ માટે ૪૦૦ એકર જમીનમાં મેડબંધી કરી છે. દીનદયાળ ગ્રામ સ્વાવલંબન યોજના હેઠળ ૨૪ એપ્રિલ ૨૦૨૦થી જળ સંરક્ષણ માટે મેડબંધી શરૂ કરી હતી. મેડબંધી અને ટીસીબીના એક ખાડામાં ત્રણ હજાર લિટર પાણી જમા થાય છે. તેનાથી ભૂજળ સ્તર વધ્યું છે, જ્યારે કૂવા અને તળાવ પણ ભરાયેલા છે.

## જીએસટી : ૧૨ ટકા અને ૧૮ ટકાના સ્લેબને મર્જ કરીને ૧૫ ટકા કરાશે

,નવીદિલ્હી,તા.૨૧

છેલ્લા કેટલાક સમયથી જીએસટીના ટેક્સ સ્ટ્રકચરમાં ફેરફાર કરવા અંગે હિલચાલ ચાલી રહી છે. આ જ યોજનાના ભાગરૂપે હવે બે ટેક્સ દરને એક જ ટેક્સ દરમાં મર્જ કરવા અંગે વિચારણા ચાલી રહી છે.અહેવાલ અનુસાર ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ સ્ટ્રક્ચરમાં ૧૨ ટકા અને ૧૮ ટકાના સ્લેબને મર્જ કરીને ૧૫ ટકા કરવામાં આવી શકે છે. રાજયોના વિત્તમંત્રીઓની એક પેનલ દ્વારા GST માળખામાં ફેરફારની દરખાસ્ત મુકવામાં આવી શકે છે.આ મુદ્દે વિચારણા કરવા માટે આ અઠવાડિયે મંત્રીઓના સમૂહની બેઠક મળવાની સંભાવના છે જે ૧૫ ટકાના જીએસટી સ્લેબ અંગે નિર્ણય લઈ શકે છે. આ સિવાય તેઓ થ્રેશોલ્ડ રેટને ૫ ટકાથી વધારીને ૮ ટકા કરવાના પ્રસ્તાવ અંગે પણ વિચારવિમર્શ કરી શકે છે.મંત્રીઓના સમૂહના આ સપ્તાહની બેઠકના નિર્ણય અંગે અંતિમ ફેરફાર કરવા માટે જ્જી કાઉન્સિલની સમીક્ષા બેઠક આગામી મહિનાની શરૂઆતમાં મળશે તેમ પણ સૂત્રોએ જણાવ્યું છે.

૨૦૧૭માં લાગુ કરવામાં આવેલ દેશના સૌથી મોટા ટેક્સ રીફોર્મ જીએસટીમાં હાલ ૫ ટકા, ૧૨ ટકા, ૧૮ ટકા અને ૨૮ ટકા દરો ધરાવતું ચાર-સ્તરનું માળખું છે. કાર, કિંમતી ધાતુઓ સહિતની અનેક લક્ઝરી ચીજવસ્તુઓ પર ૨૮% સિવાય ઉપરના વિશેષ દરો પણ વસૂલવામાં આવે છે. ૨૦૧૭માં રેવન્યુ ન્યુટ્રલ દર ૧૫.૫% હતો.જો જીએસટી થ્રેશોલ્ડ રેટ ૫ ટકાથી વધારીને ૮ ટકા કરવામાં આવે તો તેનાથી લગભગ રૂ. ૧.૫ લાખ કરોડની વધારાની વાર્ષિક આવક થઈ શકે છે. જોકે ફુગાવાના કારણે મોટાભાગના મંત્રીઓના સમૂહના સભ્યોએ અભિપ્રાય આપ્યો હતો કે જ્જી દરોમાં ફેરફાર કરવાનો વર્તમાન સમય કદાચ યોગ્ય નથી.

## કોરોના વળતર માટે નકલી સર્ટિફિકેટ જારી કરનારા ભ્રષ્ટ ડોક્ટર્સની ઓળખ થશે

નવીદિલ્હી,તા.૨૧

સમગ્ર દેશમાં કોવિડ સંક્રમણથી જીવ ગુમાવનાર પરિજન અને આશ્રિતોને ૫૦ હજાર રૂપિયા વળતર માટે નકલી સર્ટિફિકેટ જારી કરનારા ભ્રષ્ટ ડોક્ટર્સની ઓળખ કરીને કાનૂની કાર્યવાહી કરવામાં આવશે. કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટને સોગંદનામા દ્વારા જણાવ્યુ કે આ નકલીવાડાની તપાસ કરાવવામાં આવશે. સરકારે આ તપાસ માટે કોર્ટની પરવાનગી માગી છે.

છેલ્લી સુનાવણી દરમિયાન જયારે સુપ્રીમ કોર્ટની સમક્ષ સરકાર તરફથી આનો ખુલાસો કરવામાં આવ્યો તો કોર્ટે આની પર કડક નારાજગી વ્યક્ત કરી. આ બાબત સરકારે પોતાની તરફથી તપાસ કરી. સુપ્રીમ કોર્ટના જસ્ટિસ એમઆર શાહ અને જસ્ટિસ બી વી નાગરત્નાની બેન્ચે આ મામલે સુનાવણી કરશે. છેલ્લી સુનાવણી દરમિયાન સૌથી પહેલા સાત માર્ચ અને પછી ૧૪ માર્ચે નારાજ કોર્ટે ટિપ્પણી કરી હતી કે ષડયંત્રની તપાસ માટે તે સીએજીને પણ આદેશ આપી શકે છે. જોકે કોર્ટે ગયા મંગળવાર સુધી જ આ બાબત જાણકારી આપવાનુ કહ્યુ હતુ, પરંતુ સરકારે સુનાવણીથી બે દિવસ પહેલા શનિવાર સાંજે અરજી દાખલ કરી છે.

## દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાનાં ૧,૫૪૯ નવા કેસ

નવીદિલ્હી,તા.૨૧

ભારતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોવિડ-૧૯ના ૧,૫૪૯ નવા કેસ નોંધાયા બાદ દેશમાં કોરોના વાયરસથી સંક્રમિત લોકોની સંખ્યા વધીને ૪,૩૦,૦૯,૩૯૦ થઈ ગઈ છે. દેશમાં કોરોનાના સક્રિય કેસ વધીને ૨૫,૧૦૬ થઈ ગયા છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલા આંકડા મુજબ દેશમાં છેલ્લા એક દિવસમાં ૩૧ લોકોએ જીવ ગુમાવ્યા છે, જે બાદ કુલ મૃતકોની સંખ્યા વધીને ૫ લાખ ૧૬ હજાર ૫૧૦ થઈ ગઈ છે.

રાષ્ટ્રવ્યાપી રસીકરણ અભિયાન હેઠળ, અત્યાર સુધીમાં એન્ટી-કોરોનાવાયરસ રસીના ૧૮૧ કરોડથી વધુ ડોઝ આપવામાં આવ્યા છે. ગઈકાલે ૨ લાખ ૯૭ હજાર ૨૮૫ ડોઝ આપવામાં આવ્યા હતા, જે બાદ અત્યાર સુધીમાં રસીના ૧૮૧ કરોડ ૨૪ લાખ ૯૭ હજાર ૩૦૩ ડોઝ આપવામાં આવ્યા છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, ૨ કરોડ (૨,૧૪,૬૪,૬૮૨) થી વધુ નિવારક રસીઓ આરોગ્ય કર્મચારીઓ, કોરોના યોદ્ધાઓ અને અન્ય રોગોથી પીડિત ૬૦ વર્ષથી વધુ ઉંમરના લોકોને આપવામાં આવી છે. દેશમાં કોવિડ વિરોધી રસીકરણ અભિયાન ૧૬ જાન્યુઆરી, ૨૦૨૧ થી શરૂ થયું હતું અને પ્રથમ તબક્કામાં આરોગ્ય કર્મચારીઓને રસી આપવામાં આવી હતી. કોરોના યોદ્ધાઓ માટે રસીકરણ અભિયાન ૨ ફેબ્રુઆરીથી શરૂ થયું હતું.

કેન્દ્રશાસિત પ્રદેશ આંદામાન અને નિકોબાર ટાપુઓમાં છેલ્લા ૨૪ કલાકમાં કોવિડ-૧૯નો કોઈ નવો કેસ નોંધાયો નથી. સ્વાસ્થ્ય વિભાગના એક અધિકારીએ સોમવારે આ જાણકારી આપી. તેમણે જણાવ્યું કે ટાપુઓમાં સંક્રમિતોની સંખ્યા ૧૦,૦૨૯ છે. અધિકારીના જણાવ્યા અનુસાર, કેન્દ્રશાસિત પ્રદેશમાં માત્ર બે સારવાર હેઠળના દર્દીઓ હાજર છે, જ્યારે છેલ્લા ૨૪ કલાકમાં બે દર્દીઓ સહિત કુલ ૯,૮૯૮ લોકો કોરોના વાયરસના ચેપમાંથી સ્વસ્થ થયા છે.

## તંત્રી સ્થાનેથી...

# સાઈકો કહેવાતા લોકોને કારણે જ સમાજને કોઈને કોઈ ભેટ મળી છે.

*સમાજ જેને ધૂની, પાગલ કે ‘સાઈકો’ કહે છે એવા લોકોને કારણે જ સમાજને કોઈને કોઈ ભેટ મળી છે. શ્રેષ્ઠ સંગીત, શ્રેષ્ઠ નવલકથા, શ્રેષ્ઠ પ્રેરણાદાયી વાતો, શ્રેષ્ઠ ચિત્ર, શ્રેષ્ઠ અભિનેતા, ખેલાડી, રાજનેતા કે શ્રેષ્ઠ કંઈપણ. દરેક મોટા કે નાના શહેરમાં એક-બે રેસ્ટોરાં એવી હશે જ્યાં જવાનું દરેક જણ પસંદ કરે છે. કારણ કે તેની વાનગીઓ શ્રેષ્ઠ અને ગુણવત્તાવાળી હોય છે. અભ્યાસના અનેક વિષયોના અમુક શિક્ષકો પ્રખ્યાત હશે પોતાના શ્રેષ્ઠ શિક્ષણકાર્ય થકી. ફિલ્મ ઉધોગમાં ઘણાં સંગીતકારો હતા અને છે, પણ એ. આર. રહેમાનનું સંગીત કંઈક જુદું જ છે. ક્રિકેટમાં પહેલા સુનિલ ગાવસ્કર ‘દિવાલ’ બનીને ઉભા રહેતા, ત્યાર પછી રાહુલ દ્રવિડ ‘દિવાલ’ બનીને ક્રિકેટ જગતમાં પોતાનું યોગદાન આપ્યું. પણ.... પછી ભારતીય ક્રિકેટને આવી મજબૂત ‘દિવાલ’ની કમી જણાઈ રહી છે.*

*અરૂંધતી રોયે ‘ગોડ ઓફ સ્મોલ થિંગ’ નામનું શ્રેષ્ઠ પુસ્તક આપ્યું. એ કહે છે કે એ પુસ્તક લખવાની ધૂનમાં વિચારોનો કાફલો એના મગજમાં સવાર રહેતો. રાત્રે કોઈ વિચાર આવે તો એને નોંધી લેતી. આ પુસ્તક બદલ તેને ‘બુકર પ્રાઈઝ’ પણ મળ્યું. પણ સફળતાને તે પચાવી ન શકી, જાહેરમાં રાજકારણ કે રાજકીય નેતાઓ પર ટીપ્પણી કરવા માંડી. તેનું ધ્યાન ડાયવર્ટ થયું, પુસ્તકો તેણે તે પછી પણ લખ્યા પરંતુ જે ધૂન પાગલપન પહેલા પુસ્તકમાં હતું એ પછી એ જોવા ન મળ્યું. પરિણામે તેણે શ્રેષ્ઠતા ગૂમાવી, વાચકો પણ ગૂમાવ્યા.*

*પ્રેરણાદાયી વક્તાઓ કે ટ્રેઈનર્સની એક ફૌજ આપણા દેશમાં છે. જીતુ અઢિયા કે શીવખેરા જે તે સમયે શ્રેષ્ઠ હતા, પરંતુ પછી પ્રોફેશનાલીઝમ અપનાવ્યું અને નબળા થયા. સંદીપ મહેશ્વરી, વિવેક બિન્દ્રા, સોનુ શર્મા કે જ્ઞાનવત્સલ સ્વામી પોતાની શ્રેષ્ઠ પ્રેરણાદાયી વાતો અને દ્દષ્ટાંતોથી ઓડિયન્સને જકડી રાખે છે.*

*ભારતના વડાપ્રધાન માનનીય શ્રી નરેન્દ્ર મોદી એક સફળ મુખ્યમંત્રી રહી ચૂક્યા છે અને એક સફળ અને લોકપ્રિય વડાપ્રધાન તરીકે પોતાને પુરવાર કરી રહ્યા છે. પક્ષ-વિપક્ષ, અન્ય નેતાઓ જે કંઈ તેમના વિશે બોલે પરંતું એ તો હકિકત છે જ કે આ વ્યક્તિમાં ‘દેશસેવા’ની ધૂન સવાર થઈ છે. દેશસેવાનું પાગલપન એ હદે છે કે તેમણે પોતાનો પરિવાર અને ઘરબાર દેશ માટે છોડી દીધા છે. આજે ભારત વિશ્વ સમક્ષ એક મજબૂત દેશ બનીને એક આગવી ઓળખ ઉભી કરીને અડીખમ ઉભો છે. આ પાગલપને નરેન્દ્ર મોદીને શ્રેષ્ઠ અને લોકપ્રિય નેતા બનાવ્યા છે.*

*વિશ્વમાં દરેક યુગમાં, દરેક કાળમાં એવા અદ્ભૂત લોકો થયા છે. જેમના હૃદયમાં પોતાના દેશ, સમાજ તથા સમગ્ર માનવજાત માટે કંઈપણ કરી છૂટવાની ધૂન સવાર રહેતી હોય છે અને આ ધૂન તેઓને સતત આગળ ધપવાની પ્રેરણા આપતી રહી છે. આગળ જણાવેલ તમામ ક્ષેત્રની વ્યક્તિઓ કે સંસ્થાઓ સફળ એટલે થઈ કે તેમનો જીવન પ્રત્યેનો દૃષ્ટિકોણ હકારાત્મક રહ્યો હતો. નિરાશા કે હતાશાને તેઓ તેમના જીવનમાં તસુભર પણ સ્થાન આપતા ન હતા. તેઓએ વિચારને ફક્ત ‘વિચાર’ જ બનાવી રાખી ન મૂક્યો. એ વિચારને હિંમતપૂર્વક અમલમાં મૂકવાની ઈચ્છા દ્દઢ કરી. એક પ્રેરણાદાયી વાક્ય છે સફળતા એને મળે છે જે હિંમતપૂર્વક પોતાના સ્વપ્નને સાકાર કરવામાં મચ્યો રહે છે. નબળાઓ પાસે તો તે જતો નથી.*

*એક દાયકા પહેલાં ધીરુભાઈએ રીલાયન્સ ફોન બજારમાં મૂકીને એક સરસ સૂત્ર વહેતું કર્યું હતું. ‘કર લો દુનિયા મુઠ્ઠી મેં’ અને તાજેતરના વર્ષમાં મુકેશ અંબાણીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ડીજીટલ ભારતના સ્વપ્નને સાકાર કરતા ‘જીઓ ફોન’ ની ભેટ ભારતના લોકોને આપી. જે પ્રજાને વિદેશી ફોન કંપનીઓએ વર્ષો સુધી લૂંટી તે તમામને રાતોરાત પોતાના ટેરીફના ભાવ ઘટાડવા અને વધારે જીબી વપરાશ આપવા મજબૂર કરનાર મુકેશ અંબાણીએ સામાન્ય ઘરમાં પણ સાવ સસ્તા ભાવથી સવલત કરી આપી. જીઓ ફોનની આ સફળતાની પાછળ વિચાર, મુકેશ અંબાણીનું સ્વપ્ન અને પોતાની થિંક ટેંકનું લાંબુ એનાલિસીસ જવાબદાર છે. હજુ રાહ જુઓ, વધારે કંઈક ઓછા દામમાં આપશે.*

### પ્રાકૃતિક કૃષિપદ્ધતિ અંતર્ગત માવજત કરીને રાસાયણિક ખેતીની તુલનામાં મેળવે છે બમણી આવક

# અરવલ્લીના ગઢડાકંપાના યુવાને પ્રાકૃતિક ખેતી કરી પોતાની આવકમાં કર્યો વધારો



મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

કૃષિ ક્ષેત્રે ખેડૂતે પોતાની આવક બમણી કરવી હોય તો રાસાયણિક ખેતી દ્વારા તે શક્ય જ નથી. આજે વર્ષોવર્ષ ખાતર, બિયારણ, જંતુનાશક દવાઓ, ખેતમજૂરી વગેરેના ભાવ વધતા જ જાય છે. રાસાયણિક ખાતરના વધુ પડતા ઉપયોગના કારણે જમીન બિનઉપજાઉ થવાના પરિણામે કૃષિ ઉત્પાદન ઘટતું જતું હોવાનો મોટા ભાગના ખેડૂતોનો અનુભવ છે. ત્યારે જો ઉત્પાદન ઘટે સામે પક્ષે પોષણક્ષમ ભાવની સમસ્યા પણ સર્જાય ત્યારે ખેતીને ટકાવવી કેવી રીતે? એ કોઈ પણ ખેડૂતો માટેનો પ્રાણપ્રશ્ન બને તે સમજી શકાય છે. આ સમસ્યાનો જવાબ પ્રાકૃતિક ખેતીમાં સમાયેલો છે તેવું આ ખેતી અપનાવતા ખેડૂતોના અભિપ્રાયનું નોંધપાત્ર કારણ છે. એટલે જ ખેડૂતો પોતાની આવક બમણી કરવાં પ્રાકૃતિક ખેતી અપનાવે તો ખુબ જ નજીકના ભવિષ્યમાં તે ખેતીની આવક બમણી કરવાનું લક્ષ્યાંક હાંસલ કરી શકશે. અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના ગઢડાકંપાના યુવાન ખેડૂત પ્રવીણ પટેલે આ વાતની પ્રતીતિ કરાવી છે. પ્રવીણભાઈએ તો પ્રાકૃતિક ખેતીથી પકવેલી કૃષિ પેદાશોનું કોન્ટ્રાક્ટ ફાર્મિંગ પણ કર્યું છે. તેઓએ પ્રાકૃતિક ખેતી અંતર્ગત ડુંગળીના બિયારણનું વાવેતર કર્યું છે અને તેના કોન્ટ્રાક્ટ ફાર્મિંગ દ્વારા પોતાની આર્થિક આવક પણ નિશ્ચિત કરી લીધી છે. તેઓનું દૃઢપણે માનવું છે કે ખેડૂતે પોતાની આવકબમણી કરવી હોય તો પ્રાકૃતિક ખેતી અપનાવ્યા સિવાય છૂટકો નથી:

‘‘ખેડૂતની આવક બમણી કરવાનો આપણા વડાપ્રધાનશ્રીનો સંકલ્પ છે તે પ્રાકૃતિક ખેતી દ્વારા શક્ય છે અને ખેડૂતોએ તે અનુભવ્યું પણ છે માત્ર ઘઉંની વાત નથી કરતો બીજા પાકમાં પણ ઉત્પાદન અને તેની આવકના પ્રમાણમાં તેનો ધરખમ વધારો અમે અનુભવ્યો છે, આજે મેં પાંચ એકરમાં ઘઉંનું વાવેતર પ્રાકૃતિક ખેતીથી કર્યું છે. હવે આ વર્ષે સરેરાશ રૂ. ૯૦૦ના મણના ભાવે ઘઉં વેચાશે એટલે એક એકરની રૂ. ૯૦,૦૦૦ની આવક સાથે કુલ રૂ. ૪.૫૦ લાખનો નફો ઘઉંની ખેતીમાં યશે. રાસાયણિક ખેતીમાં આ ક્યારેય શક્ય ન હતું.

પ્રવીણભાઈએ પ્રાકૃતિક ખેતી અંતર્ગત ઘઉં ઉપરાંત ડુંગળીનાં બિયારણનાં વાવેતરનો પણ સફળ પ્રયોગ કર્યો છે તેમની સફળતાની ગાયા જણાવતાં તેમનાં શબ્દો ‘‘પ્રાકૃતિક ખેતીથી પરાગનયન લગભગ ૮૫થી ૧૦૦ ટકા થાય છે તેનાથી ઉત્પાદન રાસાયણિક ખેતી કરતાં ખૂબ સારું મળે છે. ડુંગળીના બિયારણની ખેતીમાં અમે બંગાળની એક કંપની સાથે કોન્ટ્રાક્ટ ફાર્મિંગ કર્યું છે જેમાં અમને ઘણો ફાયદો છે. ડુંગળીના બિયારણનો ભાવ એક કિલોનો રૂ. ૫૫૦ કંપની સાથે નક્કી થયો છે. કંપની તે ભાવે ખરીદી લેશે. પ્રાકૃતિક ખેતીના કારણે મધમાખી દ્વારા પરાગનયનની પ્રક્રિયા ખૂબ સારી રીતે થાય છે. મેં અત્યારે આઠ એકરમાં પ્રાકૃતિક ખેતીથી ડુંગળીના બિયારણનું વાવેતર કર્યું છે. આઠ એકરની વાત કરીએ તો લગભગ એક એકરમાં

રૂ.૧.૫ લાખ આવક થશે.

‘‘હું હાલમાં ૨૨ એકર ખેતરમાં વર્ષ ૨૦૧૬થી સંપૂર્ણપણે પ્રાકૃતિક ખેતી કરુ છે. વર્ષ ૨૦૧૩માં નાના પ્લોટમાં ઘઉંના વાવેતરથી પ્રાકૃતિક ખેતીનો પ્રયોગ કરેલો અને તેમા સફળતા મળ્યા બાદ વર્ષ ૨૦૧૬થી પ્રાકૃતિક ખેતી કરુ છું. વર્ષ ૨૦૧૬ પહેલાં જ્યારે હું રાસાયણિક ખેતી કરતો હતો ત્યારે વર્ષોવર્ષ કૃષિ ઉત્પાદન ઘટતું જતું હતું અને ખર્ચ વધતો જતો હતો અને જમીન ઉજ્જડ થતી અને પાણીની જરૂરિયાત પણ વધતી જતી હતી. પ્રાકૃતિક ખેતી અપનાવ્યા બાદ પાણીની જરૂરિયાત પ્રમાણમાં ઘણી ઓછી થતી જાય છે. પ્રાકૃતિક દ્રવ્યોના કારણે છોડ પોતે જ ટકાઉશક્તિ મેળવી લે છે. પરિણામે રોગપ્રતિકારક શક્તિ કુદરતી રીતે જ છોડ મેળવી લે છે. ઉપરાંત જમીનની ફળદ્રુપતા વધે છે. જોકે પ્રાકૃતિક ખેતીમાં શરૂઆતના વર્ષોમાં જે તે કૃષિપેદાશનું ઉત્પાદન રાસાયણિક ખેતીની તુલનામાં ઘટેલું પણ તે અમુક અમુક પાકમાં જ. તમામ પાકોમાં નહીં, પણ તે રીતે જોઈએ તો રાસાયનિક ખેતીમાં પણ જે તે હું કૃષિ પેદાશનું નું ઉત્પાદન ક્રમશઃ ઘટતું જોવા મળે છે. લગભગ તમામ ખેડૂતોનો આ અનુભવ છે. સામે પક્ષે ખાતર, બિયારણ, જંતુનાશક દવાઓ, પિયતનો ખર્ચ, ખેતમજૂરી આવા તો અનેક ખર્ચ વર્ષોવર્ષ વધતાં જાય છે. હું ઘઉંની વાત કરું તો મારા પિતાશ્રી કહેતા કે જયારે એકરે ૧૦૦ મણ ઘઉંનો ઉતારો આવતો, ડીએપી, પુરિયા, પોટાશના વધુ ઉપયોગ છતાં પણ જમીન ઉજ્જડ થવાથી ઉતારો ૯૦ મણ સુધી નીચે ઉતર્યા હતો, છોડની રોગપ્રતિકારક શક્તિ પણ ઘટવા લાગી અને અવનવા રોગ ખેતરોમાં જોવા મળ્યા હતા. આ પરિસ્થિતિમાં અમેં પ્રાકૃતિક ખેતી તરફ વળ્યો.

‘હું પ્રાકૃતિક ખેતી તરફ વળ્યો તેની પાછળનો મારો તર્ક સામાન્ય હતો કે હું મારા કે મારા પરિવાર માટે અનાજ ઉત્પન્ન કરતો હોઉં તે ઉચ્ચ ગુણવત્તાયુક્ત શા માટે ન હોય? કોઈ પણ ફેક્ટરીનો માલિક પોતાના માટે માલ બનાવતો હોય તો તે ગુણવત્તાયુક્ત બનાવે જ બનાવે. આમ જોઈએ તો મારું ખેતર કે મારી જમીન અનાજ પકવતી ફેક્ટરી જ છે તો તેનું ઉત્પાદન પણ સારું જ હોવું જોઈએ, જેના કારણે મારા પરિવારના સભ્યોનું આરોગ્ય જળવાશે અને રોગપ્રતિકારક શક્તિ વધશે, એટલે મેં વર્ષ ૨૦૧૩માં પ્રાકૃતિક ખેતી અંતર્ગત બંસી ઘઉંના વાવેતરનો પ્રયોગ કરેલો તેનું મને ખૂબ સારું પરિણામ મળ્યું. ત્યારબાદ મેં તરબૂચનું વાવેતર કર્યું તેનું પણ મને સારું પરિણામ મળ્યું.

‘‘હવે બંને ખેતીપદ્ધતિની તુલના કરીએ તો રાસાયણિક ખેતીમાં ઘઉંનો ઉતારો એકરદીઠ ૧૦૦ મણનો મળતો તેની સામે પ્રાકૃતિક ખેતીમાં શરૂઆતથી જ ૧૦૦થી ૧૨૫ મણનો ઉતારો મને મળતો થયો છે. તેનું કારણ છે અમે દેશી બીજનો ઉપયોગ કરેલો, તેની પોષ્ટિકતાના કારણે તેના ભાવ પણ સારા મળે છે. દેશી બીજમાં એટલી બધી તાકાત છે કે એક મહિને પિયત આપીએ તો પણ વાંધો નહીં. જ્યારે રાસાયણિક ખેતીમાં ૧૫થી ૨૦ દિવસના અંતરે પિયત આપવી પડે.

“હવે ખર્ચની વાત કરીએ તો ઘઉંની રાસાયણિક ખેતીમાં એક એકરે બે બેગ એટલે કે ૧૦૦ કિ.ગ્રા. ડીએપીનો વપરાશ કરતા અને ૨૦૦ કિ.ગ્રા. જેટલું યુરિયા વાપરતા હવે પ્રાકૃતિક ખેતીમાં જીવામૃત કે ધનજીવામૃત સિવાય બીજી કોઈ જરૂર પડતી નથી, જમીનની ભેજ સંગ્રહશક્તિ વધી છે તેનાથી જમીનની ફળદ્રુપતા વધતી જાય છે. બિયારણ પણ અમારે ઘરનું છે જેનાથી ખૂબ સારા પરિણામ મળ્યાં છે. રાસાયણિક ખેતીના ઘઉં અમારે રૂ. ૩૦૦ના ભાવે વેચાતા જયારે પ્રાકૃતિક ખેતીના ઘઉં મણના રૂ. ૭૦૦ના ભાવે વેચેલા તેમાં બિલકુલ ખર્ચ હતો જ નહી, એટલે ૭૦થી ૮૦ટકા જેટલો ચોખ્ખો નફો. એટલે કે રાસાયણિક ખેતીમાં એકર દીઠ રૂ. ૩૦,૦૦૦ની આવક થયેલી, જેમાં ચાર હજારનો ખર્ચ થયેલો એટલે એકરદીઠ રૂ. ૨૬,૦૦૦નો નફો થયો. તેની સામે પ્રાકૃતિક ખેતીમાં કોઈ ખર્ચ લાગતો નથી, માત્ર હાર્વેસ્ટિંગનો ખર્ચ જ ગણવાનો, એટલે એકરદીઠ રૂ. ૭૦,૦૦૦ની આવક થઈ. જયારે મજૂરીખર્ચ માત્ર રૂ. ૨૦૦૦ એટલે એકરદીઠ રૂ. ૬૮,૦૦૦નો ચોખ્ખો નફો. એસ.પી.એન.એફ. પદ્ધતિની જાણકારી મને સૃષ્ટિ સંસ્થા દ્વારા મળેલી, ત્યાર બાદ ૨૦૧૬માં ગાંધીનગર ખાતે શિબિર યોજાયેલી તેમાંથી મને ઘણી જાણકારી મળી અને ૨૦૧૩માં મેં નાના પ્લોટથી શરૂઆત કરેલી તેનો ૨૦૧૬ બાદ પ્રાકૃતિક ખેતીનો મારાં ખેતરોમાં વિસ્તાર કર્યાં. વર્ષ ૨૦૧૯માં વડતાલમાં આત્મા પ્રોજેક્ટ‘ દ્વારા સુભાષ પાલેકરજીની પ્રાકૃતિક ખેતીની શિબિર યોજાયેલી તેમાં પણ હું ગયો હતો. ત્યાર બાદ હું માસ્ટર ટ્રેનર બનેલો અને આજે હું બીજા ખેડૂતોને પણ પ્રાકૃતિક ખેતીની તાલીમ આપું છું. તેના કારણે મારા ઉપરાંત અન્ય ત્રણ ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ વળ્યા છે.હાલમાં હું બે ગાયથી ૨૨ એકરમાં પ્રાકૃતિક ખેતી કરી રહ્યો છું.

‘‘ચોમાસા દરમ્યાન અમે મગફળી અને અડદનું પણ વાવેતર કરીએ છીએ, ગયા વર્ષે અમે ૧૩ એકરમાં મગફળીનું વાવેતર કરેલું અને એકરદીઠ ૪૦થી ૪૫ મણનો ઉતારો આવેલો અને કુલ ૫૨૦ મણ મગફળીનું ઉત્પાદન થયેલું આ મગફળીમાંથી કાચી ઘાણીમાં સિંગતેલ બનાવી મૂલ્યવર્ધન દ્વારા તેનું વેચાણ કરતાં ખૂબ સારા ભાવ મળ્યા. ૧૫ લિટરના ડબ્બાના રૂ. ૩૩૦૦થી ૩૫૦૦ ભાવે અમારી મગફળીના તેલનું વેચાણ ગયા વર્ષે થયું. ગયા વર્ષે મેં સિંગતેલના ૨૧૩ ડબ્બાનું વેચાણ કરેલું કુલ રૂ. ૭ લાખની આવક મને ગયા વર્ષે સિંગતેલના વેચાણમાંથી થઈ. રાસાયણિક પદ્ધતિથી જો મગફળી પકવી હોત તો ઉત્પાદન તો કદાચ આટલું મળે પણ ખાતર, બિયારણ, જંતુનાશક દવાઓ જેવા ખર્ચ એટલા બધા હોત કે તેમાં નફાનું પ્રમાણ સાવ ઘટી ગયું હોત.’’

પ્રાકૃતિક ખેતીમાં જો મહત્તમ આર્થિક ફાયદો મેળવવો હોય તો મૂલ્યવર્ધન એક મહત્ત્વનું પરિબળ છે તેમાંય મગફળીમાં તો ખાસ. રાસાયણિક ખેતીની મગફળીની તુલનામાં પ્રાકૃતિક ખેતીની મગફળીનું સિંગતેલના રૂપે જો મૂલ્યવર્ધન થાય તો ખેડૂતને તુલનાત્મક દષ્ટિએ વધુ ભાવ મળે છે તે સૌરાષ્ટ્રમાં તો પ્રાકૃતિક મગફળી પકવતાં અનેક ખેડૂતોના કિસ્સામાં જોવા મળ્યું છે. પ્રવીણભાઈએ પ્રાકૃતિક ખેતી અંતર્ગત કોન્ટ્રાક્ટ ફાર્મિંગ પણ કર્યું છે, મૂલ્યવર્ધન પણ કર્યું છે અને જે તે કૃષિપેદાશની પ્રાકૃતિક કૃષિપદ્ધતિ અંતર્ગત માવજત કરીને રાસાયણિક ખેતીની તુલનામાં બમણી આવક પણ મેળવી છે.

### શ્રી કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ—એનીમલ હેલ્પલાઈનની

# જીવદયા પ્રવૃતિઓ માટે નિ:શુલ્ક અથવા ટોકન દરે એક મકાન/વિશાળ ઓફીસની જરૂરીયાત



રાજકોટમાં છેલ્લા ૧૮ વર્ષથી કાર્યરત શ્રી કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ—એનીમલ હેલ્પલાઈન રાજકોટને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે અનેક એવોર્ડસ મેળવવાનું સદભાગ્ય પ્રાપ્ત થયું છે. સમગ્ર ભારતમાં પશુ સારવાર ક્ષેત્રે ટોચનું સ્થાન ધરાવતી અને જીવદયા ક્ષેત્રે ભારત સરકાર દ્વારા સર્વશ્રેષ્ઠ સંસ્થાનો એવોર્ડ મેળવનાર સંસ્થા કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ—એનીમલ હેલ્પલાઈન અત્યાર સુધીમાં ૬ લાખ અબોલ જીવોની ૧૦, એમ્બ્યુલન્સ, ૨ બાઈક એમ્બ્યુલન્સ દ્વારા નિ:શુલ્ક સારવાર, જીવતદાન આપવા નિમીત બની છે.

સંસ્થાની બે હોસ્પીટલમાં ૧૨૦૦ જીવોને આશ્રય અપાઈ રહયો છે. એનીમલ હેલ્પલાઈનની એડમીનીસ્ટ્રેટીવ પ્રવૃતિઓ માટે એક મકાન/વિશાળ ઓફીસની જરૂરીયાત હોય તો નિ:શુલ્ક અથવા ટોકનદરે આપવા ઈચ્છતા જીવદયાપ્રેમીઓને મિતલ ખેતાણી (મો. ૯૮૨૪૨૨૧૯૯૯) રમેશભાઈ ઠક્કર (મો.૯૯૦૯૯૭૧૧૧૬), પ્રતિક સંઘાણી (મો.૯૯૯૮૦૩૦૩૯૩), ધીરેન્દ્રભાઈ કાનાબાર (મો.૯૮૨૫૦૭૭૩૦૬), ઘનશ્યામભાઈ ઠક્કર, એડવોકેટ કમલેશભાઈ શાહ, રજનીભાઈ પટેલ, વિષ્ણુભાઈ ભરાડની યાદીમાં જણાવાયું છે.

### એમસીએક્સ પર સોના-ચાંદી, ક્રૂડ તેલના વાયદામાં સાર્વત્રિક સુધારાનો સંચાર

# બુલડેક્સ વાયદામાં ૬૪ પોઈન્ટ, મેટલડેક્સ વાયદામાં ૧૬૫૯ પોઈન્ટ અને એનર્જી ઈન્ડેક્સ વાયદામાં ૮૫ પોઈન્ટની મૂવમેન્ટ

મુંબઈ:

દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં સોમવારે પ્રથમ સત્ર સુધીમાં ૧,૪૩,૫૪૧ સોદાઓમાં કુલ રૂ.૧૩,૫૭૪.૯૮ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓના સૂચકાંક બુલડેક્સના માર્ચ વાયદામાં ૬૪ પોઈન્ટ, બિનલોહ ધાતુઓના સૂચકાંક મેટલડેક્સના માર્ચ વાયદામાં ૧૬૫૯ પોઈન્ટ અને ઊર્જા સૂચકાંક એનર્જી ઈન્ડેક્સના એપ્રિલ વાયદામાં ૮૫ પોઈન્ટની મૂવમેન્ટ રહી હતી.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૪૭,૫૭૪ સોદાઓમાં કુલ રૂ.૩,૪૪૧.૪૩ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૫૧,૪૩૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૧,૫૭૯ અને નીચામાં રૂ.૫૧,૩૫૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૦૩ વધી રૂ.૫૧,૫૫૦ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની માર્ચ કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૧૧૭ વધી રૂ.૪૧,૨૧૫ અને ગોલ્ડ-પેટલ માર્ચ કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૬ વધી રૂ.૫,૧૨૩ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૧,૩૯૦ના ભાવે ખૂલી, રૂ.૮૦ વધી રૂ.૫૧,૪૬૩ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી મે વાયદો ૧ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૬૮,૧૨૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૮,૨૬૫ અને નીચામાં રૂ.૬૭,૯૦૮ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ. ૩૪૯ વધી રૂ.૬૮,૨૨૫ ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ. ૩૧૧ વધી રૂ.૬૮,૩૮૧ અને ચાંદી-માઈક્રો એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૨૯૭ વધી રૂ.૬૮,૩૭૬ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૮,૧૧૯ સોદાઓમાં રૂ.૧,૪૫૫.૭૭ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ માર્ચ વાયદો ૧ કિલોદીઠ રૂ.૬.૮૦ વધી રૂ.૨૭૯ અને જસત માર્ચ વાયદો રૂ.૩.૯૫ વધી રૂ.૩૨૪ના ભાવ થયા હતા. આ સામે તાંબુ માર્ચ કોન્ટ્રેક્ટ રૂ.૪.૧૦ ઘટી રૂ.૮૧૧.૯૫ અને નિકલ માર્ચ કોન્ટ્રેક્ટ રૂ.૨૭૧.૮ ઘટી રૂ.૨,૧૮૩.૨૦ તેમ જ સીસું માર્ચ કોન્ટ્રેક્ટ રૂ.૦.૬૦ ઘટી રૂ.૧૮૨ના ભાવ થયા હતા.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૩૯,૨૭૩ સોદાઓમાં કુલ રૂ.૩,૧૪૦.૮૩ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ માર્ચ વાયદો સત્રની શરૂઆતમાં રૂ.૮,૧૬૨ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૮,૩૫૦ અને નીચામાં રૂ.૮,૧૬૨ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં ૧ બેરલદીઠ રૂ.૩૫૮ વધી રૂ.૮,૩૧૮ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ માર્ચ વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૩.૫૦ વધી રૂ.૩૭૩.૬૦ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૨,૨૪૨ સોદાઓમાં રૂ.૨૭૩.૮૯ કરોડનાં કામકાજ થયા હતા. કોટન માર્ચ વાયદો ૧ ગાંસડીદીઠ રૂ.૩૯,૪૮૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૩૯,૯૧૦ અને નીચામાં રૂ.૩૯,૪૮૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૬૩૦ વધી રૂ.૩૯,૮૪૦ના સ્તરે પહોંચ્યો હતો. રબર માર્ચ કોન્ટ્રેક્ટ ૧૦૦ કિલોદીઠ રૂ.૧૬,૮૪૦ના ભાવે ખૂલી, કોઈ ફેરફાર વગર રૂ.૧૬૮૪૧ બોલાઈ રહ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં માર્ચ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૨૧.૫૦ વધી રૂ.૧૦૫૭.૫૦ થયો હતો.


કામકાજની દષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં ૧૩,૦૧૫ સોદાઓમાં રૂ.૨,૨૨૯.૭૨ કરોડનાં ૪,૩૨૮.૦૩૮ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં ૩૪,૫૫૯ સોદાઓમાં કુલ રૂ.૧,૨૧૧.૭૧ કરોડનાં ૧૭૭.૬૬૧ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં ૨૪,૨૭૩ સોદાઓમાં રૂ.૨,૨૬૧.૧૦ કરોડનાં ૨૭,૬૩,૮૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં ૧૫,૦૦૦ સોદાઓમાં રૂ.૮૮૦ કરોડનાં ૨૩૪૨૭૫૦૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કોટનના વાયદાઓમાં ૧,૪૬૦ સોદાઓમાં રૂ.૨૪૦.૭૮ કરોડનાં ૬૦૨૭૫ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં ૭૭૬ સોદાઓમાં રૂ.૩૨.૯૮ કરોડનાં ૩૦૭.૦૮ ટન, રબરના વાયદાઓમાં ૬ સોદાઓમાં રૂ.૦.૧૩ કરોડનાં ૮ ટનના વેપાર થયા હતા.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં ૨૪,૭૩૨.૬૩૩ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૩૩૭.૧૧૧ ટન, ક્રૂડ તેલમાં ૭૩૨૭૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૧૧૧૭૫૦૦૦ એમએમબીટીયૂ તેમ જ કોટનમાં ૧૯૯૫૨૫ ગાંસડી, મેન્થા તેલમાં ૪૦૧.૦૪ ટન, રબરમાં ૫૧ ટન ના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર પ્રથમ સત્ર સુધીમાં ૪૫૦ સોદાઓમાં રૂ.૩૬.૪૧ કરોડનાં કામકાજ થયાં હતાં, જેમાં બુલડેક્સ વાયદામાં ૩૮૮ સોદાઓમાં રૂ.૨૯.૮૪ કરોડનાં ૩૯૪ લોટ્સ, મેટલડેક્સ વાયદામાં ૫૯ સોદાઓમાં રૂ.૬.૨૬ કરોડનાં ૫૯ લોટ્સ અને એનર્જીડેક્સ વાયદામાં ૩ સોદાઓમાં રૂ..૩૧ કરોડનાં ૩ લોટ્સના વેપાર થયા હતા. ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે બુલડેક્સ વાયદામાં ૮૩૭ લોટ્સ, મેટલડેક્સ વાયદામાં ૨૦૫ લોટ્સ અને એનર્જીડેક્સ વાયદામાં ૪૪ લોટ્સના સ્તરે રહ્યો હતો. એનર્જીડેક્સ એપ્રિલ વાયદો ૮,૧૫૫ના સ્તરે ખૂલી, ઊપરમાં ૮,૨૪૦ અને નીચામાં ૮,૧૫૫ના સ્તરને સ્પર્શી, ૮૫ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૨૭૫ પોઈન્ટ વધી ૮,૨૧૦ના સ્તરે પહોંચ્યો હતો, જ્યારે બુલડેક્સ માર્ચ વાયદો ૧૫,૧૩૧ના સ્તરે ખૂલી, ૬૪ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૪૦ પોઈન્ટ વધી ૧૫,૧૬૧ના સ્તરે અને મેટલડેક્સમાર્ચ વાયદો ૨૧,૨૦૪ના સ્તરે ખૂલી, ૧૬૫૯ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૭૪૯ પોઈન્ટ ઘટી ૨૦૭૫૨ ના સ્તરે પહોંચ્યો હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર ૪૫૮૮૩ સોદાઓમાં રૂ.૫,૨૨૬.૬૫ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનાના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧,૩૫૦.૭૦ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૪૦.૭૬ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૩,૦૦૫.૦૬ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૮૨૮.૨૧ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ. ૨૧૮.૧૯ કરોડનું થયું હતું. સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં સોનું માર્ચ રૂ.૫૪,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૨૯ ખૂલી, ઊપરમાં રૂ.૩૦ અને નીચામાં રૂ.૧૫ રહી, અંતે રૂ.૮.૫૦ ઘટી રૂ.૨૧ થયો હતો. જ્યારે ક્રૂડ તેલ એપ્રિલ રૂ.૮,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૬૯૮.૭૦ ખૂલી, ઊપરમાં રૂ.૮૩૮.૪૦ અને નીચામાં રૂ.૬૯૮.૭૦ રહી, અંતે રૂ.૧૯૦.૫૦ વધી રૂ.૮૧૮.૪૦ થયો હતો. નેચરલ ગેસ માર્ચ રૂ.૩૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૩.૬૦ ખૂલી, ઊપરમાં રૂ.૯.૭૫ અને નીચામાં રૂ.૩.૬૦ રહી, અંતે રૂ.૦.૪૫ વધી રૂ.૭.૫૦ થયો હતો. આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ માર્ચ રૂ.૮,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૭૦૦ ખૂલી, ઊપરમાં રૂ.૭૦૦ અને નીચામાં રૂ.૫૬૬.૪૦ રહી, અંતે રૂ.૧૭૦.૮૦ ઘટી રૂ.૫૯૧.૯૦ થયો હતો. જ્યારે સોનું રૂ.૫૧,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૨૦૯ ખૂલી, ઊપરમાં રૂ.૨૦૯ અને નીચામાં રૂ.૧૧૦ રહી, અંતે રૂ.૮૧.૫૦ ઘટી રૂ.૧૩૦ થયો હતો. નેચરલ ગેસ માર્ચ રૂ.૩૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૭.૯૦ ખૂલી, ઊપરમાં રૂ.૯.૪૦ અને નીચામાં રૂ.૬.૨૦ રહી, અંતે રૂ.૨.૫૦ ઘટી રૂ.૮.૨૦ થયો હતો.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ. આયોજક : પ્રદીપ રાવલ



NOG SS No : 0013
પ્રકાર પદ્ય
વિષય કવિતા દિવસ
વિશ્વ કવિતા દિવસ
કવિતા લખવી ખુબ સહજ છે
પણ એ કવિતા જ છે
એમ સમજવું ખુબ અસહજ છે.
કવિતા વાંચી તો છે અને
કવિતા મોઢે પણ કરી છે.
પણ કવિતાને કાગળ પર
ઉતારવી ખુબ જ અસહજ છે.
છંદ,શબ્દો, વિશેષણ, લય
નામ, સર્વનામ,ક્રિયાપદ.
ગીત ગઝલ અને કાગળ
સાથે સતત મિત્રાચારી રાખવી પણ ખુબ અસહજ છે.
પ્રેમ વિયોગ, વાદળ મૃગજળ,
વસંત પાનખર,પશુ પંખી.
કેવી રીતે કવિતા માં કંડારશો ?
નરસિંહ, સુરદાસ, કલાપી, દલપત, દલાલ, બ્રોકર,
શયદા, ગની, મરીઝ સૈફ, શૂન્ય, બરકત ,શેખાદમ
ખલીલ, ઠાકુર, હિતેન ને કૈલાશની હથોટી
કવિતામાં ક્યાંથી લાવશો ?
તો યે છે જ તમને આતમમાં વિશ્વાસ તો ભલે
વિશ્વાસના વહાણે થઈ જાય
કવિતા !
ભલે
એના થકી લખાઈ જાય કવિતા.
કવિતા કવિતા કવિતા.
ઘનશ્યામ વ્યાસ.

---

N.O.G.SS .NO.0026
આજે વિશ્વ કવિતા દિવસ નિમિત્તે મારી એક કવિતા
એક મૌલિક રચના.
શીર્ષક- રહી છું.
કવિતામાં શબ્દો સજાવી રહી છું.
હું રણમાં જો, મૃગજળ બનાવી રહી છું.
કવિતા કહું લાગણીઓ સભર હું,
છતાં તર્કો પાછાં ચલાવી રહી છું.
કવિતાની રુપે મેં જલાવી મશાલો,
અસમંજસની વાટો બુઝાવી રહી છું.
કવિતા એ મારીજ સ્વપ્નોની દુનિયા,
ધરા પર ગગન, ચાંદ લાવી રહી છું.
અંજના ગાંધી "મૌનું" ,વડોદરા

NOG SS NO: 0112
વિષય,,,, વિશ્વ કવિતા દિવસ
વિભાગ,,, પદ્ય
શીર્ષક,,, ત્યારે હૃદયથી કવિતા નીકળે છે.
ક્યારેક વાત સરિતાની નીકળે છે, તો ક્યારેક વનિતાની નીકળે છે,
ત્યારે હૃદય થી કવિતા નીકળે છે.
ક્યારેક થોડી લાગણી નીતરે છે,ક્યારેક થોડી વેદના નીકળે છે,
ત્યારે હૃદય થી કવિતા નીકળે છે.
ક્યારેક સાહિત્યની ઇચ્છા વિચરે છે,ક્યારેક શબ્દોનો સાગર છલકે છે, ત્યારે હૃદય થી કવિતા નીકળે છે.
ક્યારેક કોઈના અંતરના આશિષ ઉત્તરે છે, " રાજ ", માઁ સરસ્વતીની કૃપા ભીતરે છે, ત્યારે હૃદય થી કવિતા નીકળે છે.
રાજેશભાઇ વ્યાસ, " રાજ "
ધ્રુવનગર, મોરબી

---

Nog ss-106
ર્ન્ઝ્ઞ સાહિત્ય સરિતા ગ્રુપ
પ્રકાર :-પદ્ય
વિષયઃ- કવિતા દિવસ
શીર્ષકઃ-"આજે કવિતા દિવસ"
મુક્તિદા કુમાર
'મનચલી'
આજે કવિતા દિવસ!
ભારે !!
બસ, એ તો વિચારોની વહેતી ધારા..
ના પહોંચે રવિ
ત્યાં પહોંચે કવિ સારા..
હું ,,
કવિતા ગાઉં કે ના ગાઉં!?
મનથી હરખાઉં
લલચાઉં,
. વિચારોના વહેણમાં એવી તો વહી જાઉં
ઉમળકા ભેર
હરખાઈ.. મલકાઈ
વહેતી જાઉં ..
કવિતાની શબ્દ-શબ્દની
ધારામાં સરકાઈ જાઉં

---

NOG SS No/0044
પ્રકાર. પદ્ય
વિષય. કવિતા દિવસ
શીર્ષક. યાદમાં.
વિશ્વ કવિતા દિનની શુભેચ્છા
શબ્દોની વણજાર જોઈને,
મગજમાં વિચારોનો વંટોળ ઉઠ્યો,
શબ્દો આપોઆપ ગોઠવાયા,
એકબીજાના વિરહમાં ઝૂરતાં,
કાગળ અને કલમ નું મિલન કરાવ્યું,
ત્યાં તો બની ગઈ પ્રથમ સુંદર કવિતા.
દુનિયાએ એની યાદમાં આ
દિવસને નામ આપ્યું,
વિશ્વ કવિતા દિન
અને અમર બની ગઈ કવિતા.
વિભૂતિ દેસાઈ ઘાસવાલા, બિલીમોરા.

---

NOG SS NO 0081
પ્રકાર : પદ્ય
વિષય : વિશ્વ કવિતા દિવસ
શીર્ષકઃ કવિતા એ તો !
કવિતા એ તો શબ્દોની સરિતા,
ખળખળ વહેતી એમાં ભાવના.
એમાં સમાય જ્ઞાન,ઉલ્લાસ,ગમ,
છંદ ,ગઝલ,મુક્તક,રમે શબ્દો
જાણે ફૂલની ફોરમ.
કવિતા એ તો ગાગરમાં સાગર,
ન કહે ઝાઝું, એમાં સઘળું હોય મોઘમ.
પ્રેમી, પિયાસી ,પુનિત કે પાગલ,
સૌની ?વાચા કવિતા અમી સમ.
ચાંદ,નદી ,દરિયો કે વાદળ,
એ તો હાથવગા એનાં સાધન.
પ્રેમ,વિરહ,રોષ,પીડા કે આક્રોશ,
એનાં વિના નવ ચઢે વ્હાલનાં આંધણ.
કવિ એ તો રવિને સ્પર્શતો,
શબ્દો થકી એ ખડગ વીંઝતો.
કરૂં વિચાર,જો ના હોય કવિતા,
મનનાં બારણે ન હોત આવ-જા.
માયા દેસાઈ,મુંબઈ ભારત.

---

NOG SS No :004
વિષયઃ વિશ્વ કવિતા દિવસ
શીર્ષકઃ ભાવાર્થ
જ્યાં ન પહોંચે રવિ
ત્યાં પહોંચે કવિ.
કવિતાનાં ભાવાર્થમાં..
શીશ નમે સ્વ અર્થમાં.
પ્રાર્થનાથી લઈ પ્રકૃતિમાં
કવિ ખોવાય તેની કલમમાં,
સર્વ સમક્ષ ઠાલવે જોશમાં,
દેશદાઝ અને ભૂખ્યાનો ,
જઠરાગ્નિ જગાડી દઈ જાય.
ગઝલ,દોહા,પદ,ભકિત,
શ્રૃંગારને ,ગીત અને ગરબા,
રાસ અને બાળલીલા શ્રી હરિની,
ભવાઈ અને મહાભારત..
રામાયણ અને ગીતા સમાન,
મહાન કાવ્યો રચાયા !
નમું ..વંદુ
વિશ્વ કવિતા દિને..
કવિઓ કવયિત્રીઓને,
જે સમજાવી જાય,
ભાવાર્થ ભવ ભવનો !
જયશ્રી.પટેલ

---

NOG ss No; 0108
વિષય - વિશ્વ કવિતા દિવસ
બધા ગુનાની કબૂલાત થઈ જાય તો સારું,
મોતથી ક્યાંક મુલાકાત થઈ જાય તો સારું.
કહી શક્યો નથી, વર્ષોથી કરું છું પ્રેમ તને,
તારા મુખેથી એ વાત થઈ જાય તો સારું.
બદનામ થઈ ના જાય, કોઈ ભરી મહેફિલમાં,
પીવાની મારાથી શરૂઆત થઈ જાય તો સારું.
દોસ્તો હતા મારા જ, પીઠ પાછળ ઘા કરનારા,
દુશ્મનો છે એવી રજૂઆત થઈ જાય તો સારું.
જમાના માટે અમે ક્યાં હતા કોઈ કામના?
"અર્જુન" જાહેર એ વાત થઈ જાય તો સારું.
અર્જુન પાનસર "વનવાસી"

---

NOG SS No; 0092
પ્રકારઃ-પદ્ય
શિર્ષકઃ- 'કવિતાઓ મારા મનનો આયનો'
હૃદયના ભાવોને શબ્દોનો આકાર આપે છે,
આ કવિતાઓ મારા મનને આધાર આપે છે.
વેદના, ખુશી ને પ્રસન્નતાનો જયજયકાર આપે છે, અન્યાય જ્યાં લાગે ત્યાં તીખી તલવાર આપે છે.
મનને હળવું કરવા જીવનનો સાર આપે છે,
રાહ ભૂલું ત્યાં પથ ને પગથાર આપે છે.
તડકાને છાંયમાં અવિચળ રહેવાનો ભાર આપે છે,
ક્યારેક વીતેલી ક્ષણોને તાજી કરી વેદનાનો માર આપે છે.
મારા અસખ્લિત વિચારોને બાંધવા નવી એક માળ આપે છે,
સાહિત્ય જગતમાં જ વિહરવાની જાળ આપે છે.
અંતરતમમાં ધરબાયેલા સપનાને સ્વીકાર આપે છે, નિરાશાભરી આંખોમાં આશાનો ઝણકાર આપે છે.
મારા વ્યક્તિત્વની ઓળખ છે એ,
મારા ભાવજગતની પરખ છે એ.
હું જો લખવાનું ભૂલું તો ફટકાર આપે છે,
હંમેશા પ્રોત્સાહન ને પડકાર આપે છે.
મને હળવી કરવાનો મંત્ર છે એ,
મારી લાગણીઓને હચમચાવતું તંત્ર છે એ.
મ્હોરી શકું જગતમાં એ માટે વિસ્તાર આપે છે, મારા શબ્દોને અલંકારોનો શણગાર આપે છે.
અલકા નવિનચંદ્ર મહેતા,ગાંધીનગર

---

Nog ss No :-0038
વિષય :-કવિતા દિવસની શુભેચ્છા..
વિભાગ :-પદ્ય
શીર્ષક :- કવિતા
લાગણીનો વહે ધોધ દિલમાં
શબ્દો થકી લહેરાય ઉઠે,
દિલના કાગળમાં લખાય
સુંદર મજાની કવિતા.
સ્વપ્ના જોવું સુંદર મજાના
પુરા થાય તો ખુશી વહે,
તૂટેલા સ્વપ્ન જોડી લખું
સુંદર મજાની કવિતા.
સુખ દુઃખના તોફાન દિલમાં
દુનિયા ક્યારેના સમજી શકે,
મળીને શબ્દ એકએક બને
સુંદર મજાની કવિતા.
કુદરત ક્યારેક અચાનક રુઠે
હૈયું બેચેન થઈ ઉઠે,
આંસુની શાહીથી લખું
સુંદર મજાની કવિતા.
કલ્પનાની દુનિયા દિલમાં વસે
દિલમાં આશ અમર રહે,
હૈયાની વાત હોઠે આવે બને
સુંદર મજાની કવિતા.
શીલા પટેલ "આકાંક્ષા"

---

:-વિશ્વ કવિતા દિવસ
પ્રકાર :-પદ્ય
NOG SS No.109
બાબુ સંગાડા "મહેક"
કવિતા એટલે અચેતનમાં,
ચેતના પ્રકટાવે તે,
ને મૂક વસ્તુને વાચા ફૂંટે,
થનગની ઊઠે,
નિર્જનવને પગલા તે કવિતા.
ઝાંઝવામાં સમદર ઉભો કરે,
રેત વચ્ચે ઉપવન સજાવે,
ને પંખીઓ કિલ્લોલતા કરે તે કવિતા.
આભને ધરતી પાથરે પછી,
તારાને ફૂલો ગૂથે,
કસ્તુરી સુવાસ ભરી,
જીવને ભીંતરે પ્રભાવિત કરે તે કવિતા.
ધીંખતા તાપમાં શીતળતા પાથરી,
સાવણની હેલીનો એહસાષ કરાવે,
ને ચોતરફ સંગીત રેલવે,
ઝરણાના મધુર ગીતના તે કવિતા.
અંધાધુધી વચ્ચે અમૂત રેડી,
અસ્તવ્યસ્ત થતા પગલાને ઠારી,
એ ઝૂમતો ચમન સજાવે તે કવિતા.
ચોચરફ આગની જવાળા હોય,
ઠારી મુકામ કરે,
વિશ્વશાંતિનો સંદેશ કહે,
કતારો પડી જાય માણસો,
જગત નાચી ઊઠે,
સુખાંત ફાલ બધે લસી ઊઠે તે કવિતા.
બાબુ સંગાડા "મહેક",હાલોલ

---

NOG..Ss NO..73
વિષય..વિશ્વ કવીતા દિવસ
પ્રકાર.ગદ્ય
શીર્ષક..કવિતા
પથ્થર દિલમાં લાગણીની ભીનાશ આવે તો
...થાય કવિતા..
આંખમાં અશ્રુની ધાર આવે તો .
થાય કવિતા...
સુકારણમાં લીલું ઘાસ આવે તો
થાય કવિતા...
સાગરમાં સરિતા ભળે તો ..
થાય કવિતા..
બાગમાં ફૂલોની બહાર આવે તો.
થાય કવિતા...
કવિની કલ્પનામાં આવે તો
થાય કવિતા..
ગઝલની જેમ દાદ મળે તો
થાય કવિતા...
નયના પટેલ..

---

NOG SS No 0098
विषयः- विश्व कविता दिवस।
शीर्षकः- कविता।
विश्व कविता दिवस फ्र की शुभकामनाएं ।
कविताएं जब लिखी जाती है तो, वह पंक्तिबद्ध लाइनों का सृजन नहीं होती, वह रस में लिपटे कुछ श4द नहीं होते, कविता होती है मन में चलती वेदनाएं, खुशियां , स्मृतियां ,इतिहास, भावनाएं भविष्य के सपने ,प्रेम ,विरह वो अनकही सी बातें, जो सीधे नहीं कही जा सकती, वह बनती है कविताएं।
लीना शर्मा।,हालोल।

---

NOG SS No : 114
પ્રકાર :- કવિતા
વિભાગ : - પદ્ય
શબ્દઃ- વિશ્વ કવિતા દિવસ
શિર્ષક : - ખુશીઓમાં રંગો ભરું છું.
કવિતા -
કવિની કલમને ક્યાં કોઈ અવરોધ નડે છે. જ્યાં ઉપડે કલમ ત્યાં જ હીરા અને મોતી ખરે છે. હૃદયના દ્વારે શબ્દોની પાળે બાંધ્યો છે.મેં કવિતાનો હિંચકો, હિંચકા પર બેસી ખુશીઓમાં રંગો ભરું છું.
કવિની કવિતાઓને ક્યાં કોઈ અવરોધ નડે છે ,જ્યાં ઉપાડે કલમ ત્યાં શબ્દો ખરી પડે છે,
કવિની કલમ રુદનને હસ્યમાં ફેરવી શકે છે,
અગમતા હોય એને ગમતા કરી શકે,દિલની લાગણીઓને શબ્દોમાં ઢાળી શકે.
"પવિ "કવિતાની કલમથી જીંદગીમાં ખુશીઓમાં રંગો ભરે છે.
નામ -કથીરીયા પ્રવિણા "પવિ". ગામ -હાલ નવસારી.વતન -જુનાગઢ જીલ્લાનું નાનકડું ઉમરાળી ગામ.

---

NOG SS NO:..0019
વિષય..વિશ્વ કવિતા દિવસ નિમિત્તે
પ્રકાર...પદ્ય..અછાંદસ
કવિ
એ છે સંવેદનાની નજીકનો જીવ,
હૃદય છે એનું લાગણી સભર,
વ્યથા વ્યક્ત કરે શબ્દનાં સથવારે!!
બંધ કલમની તાકાતથી દુનિયાની આંખો ઉઘાડે,
એક લીટીની વાતમાં વર્ષો નો સાર બતાવે!!
એને તો શબ્દ સાથે જ જીવન નાતો,
કલમ, પુસ્તક એની પાંખો!!
કવિત્વ વગરની સૃષ્ટિ નકામી,, કલ્પનાની દુનિયા વગર નો કવિ નકામો!!
કલ્પના ત્રિવેદી સુરેન્દ્રનગર

---

NOG SS No/0032
પ્રકાર. પદ્ય
વિષય. વિશ્વ કવિતા દિવસ
શીર્ષક. કવિતા
વિશ્વ કાવ્ય દિવસ નિમિત્તે શુભકામના.
હું કવિ આજ કવિતા
લખું તો સારુ..
કોઈના દિલની વ્યથા
લખુ તો સારું...
કોઈના દિલના ઉંડાણને
સમજુ તો સારું....
કોઈના સ્પર્શને મહેસૂસ
કરુ તો સારું...
કોઈની લાગણીઓનાં અહેસાસ
ને જાણું તો સારું.
કોઈની ઉદાસી ને પ્રાર્થનાથી
સમજુ તો સારું..
બસ એક અંતિમ ઈચ્છાની આશા
કે અંતરથી જાણુંતો સારું...
મીના માંગરોલીયા મીનુ ,અમદાવાદ.

---

: NOG સાહિત્ય સરિતા ગૃપ
NOG NO. S.S.0059
વિષયઃ કવિતા દિવસ
પ્રકારઃ પદ્ય
શીર્ષક 'સર્વત્ર કવિતા'
શબ્દોઃ૧૫૦.
જયકાન્ત ઘેલાણી પ્યારે".
હું સરિતા વન વગડે વસી,
ગામ નગરે ખળ ખળ વહી,
ગામ નગરને જળ આપતી
સૃષ્ટી નવપલ્લવિત રાખતી,
તાત સાગરને મળવા સતત દોડુ,
હું વનિતા પરિવારનું અંગ હું
ભાર્યા, માં, ભગીની,ભાભી,
દાદી-નાની, મારાછે, ઉપનામ !
નામ રહ્યા ભલે, અનેક પણ,
ગમતુ મને,પરિવાર ઢાંકણ નામ,
હું , છું આપસૌની માનીતી,
સરીતા,વનીતા નો સૂમેળ,
ઓછાં શબ્દે, કરું વધુ ઊજાગર
પ્યારે"હૈયેસૌને,મારુનામ, કવિતા
જયકાંત ઘેલાણી.(પ્યારે)

---

NOG SS નંબર -૦૦૪૨
પ્રકાર -પદ્ય -અછાંદસ
શીર્ષક - અભિવ્યક્તિ
વિષય - વિશ્વ કવિતા દિવસ
મૌન બને પ્રેમની અભિવ્યક્તિ,
સમજી શકાય જો લાગણીની,
ભાષા હોય પાસે,
આંખો બતાવે હૃદયની હાલત,
સમજી શકાય જો સ્પર્શની,
હૂંફ હોય પાસે,
પાંગરે પ્રેમના પુષ્પો સાથી,
સમજી શકાય જો સ્નેહની,
માવજત હોય પાસે,
કરે પ્રેમનો દાવો દિલબર,
સમજી શકાય જો સાચો,
રાહબર હોય પાસે.
પૂજા(અલકા)કાનાણી

## અમેરીકા-કેલિફોર્નિયાના નોર્વોક ખાતે આવેલ શ્રી રાધાકૃષ્ણ મંદિરમાં આ બે વર્ષ બાદ હોળી પ્રગટ્ય ની ઉજવણી હર્ષોલ્લાસ સાથે સંપન થઈ

કેલિફોર્નિયા ના નોર્વોક માં આવેલ શ્રી રાધાકૃષ્ણ મંદિરમાં હોળીના દિવસે લગભગ સાંજે ૫-૦૦ વાગ્યાથી હોળીની ઉજવણી માટે ભક્તો આવવાના શરૂ થઈ ગયા હતા... શરૂઆતમાં મંદિરના ગર્ભગૃહમાં શ્રી રાજકુમારજીના ભજન રાખવામાં આવ્યા હતા, ત્યાર બાદ બરોબર ૭-૦૦ મંદિરના પ્રાગણમાં તૈયાર કરેલ



મોટા હવન કુંડમાં હોળી પ્રગટાવતાં પહેલાં શાસ્ત્રીજી શ્રી ભરતભાઈ અને શ્રીમતિ નલિનીબેને વિધી વિધાન પુર્વક હવનકુંડ પાસે પૂંજન કરવામાં આવેલ... અને ત્યાર બાદ મંદિરના અગ્રગણ્ય શ્રી પ્રવિણભાઈ પટેલના સાથ સહકારે હોળી પ્રગટાવવામાં આવેલ... હાજર સૌએ સ્વસ્થ અને રોગમુક્ત જનજીવન માટે પ્રાથના કરી હતી. તેમજ સૌએ એકબીજાને ઉત્સાહપૂર્વક હોળી-ધુરેટીની શુભકામના પાઠવતાં એક બીજાને ગુલાલથી અને કંકુથી ગાલ પર અને કપાર ઉપર છંટકાવ કરતા આનંદની અનુંભુતિ અનુંભવતાં હતા...ત્યાર બાદ ગ્રભગ્રુહ માં શ્રી રાધાકૃષ્ણ સન્મુખ ફુલ-ડોલોત્સવ ની ઉજવણી કરતાં ફુલોની વર્ષા પણ કરવામાં આવી હતી....જેના દર્શનથી હાજર સૌએ ધન્યતા અનુંભવી હતી....

( માહિતી અને તસ્વિરઃ કાન્તિભાઈ મિસ્ત્રી.કેલિફોર્નિયા )

## શ્રી આદિ જિન યુવક ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા નવસારીના ચિખલી ગામ ખાતે ૨૩મા નિઃશુલ્ક પશુ ચિકિત્સા કેમ્પનું આયોજન

ભગવાન શ્રી મહાવીર સ્વામીની કરૂણા જગતના સર્વ જીવો પ્રત્યે વહેતી આવી છે. સર્વ જીવ સૃષ્ટિના રક્ષણનો બોધ જેમણે આપ્યો છે તેવા શ્રી મહાવીર સ્વામીના ઉપદેશનું આંશીક અનુસરણ કરવા શ્રી આદિ જિન યુવક ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા નવસારીના ચિખલી ગામ ખાતે ૨૩મા નિઃશુલ્ક પશુ ચિકિત્સા કેમ્પનું આયોજન કરવા જઈ રહ્યા છે. આ કેમ્પ દરમિયાન ૧૫ જેટલા ગામોના ૧૦૦૦ જેટલા પશુઓને સારવારનો લાભ મળશે. વેટરનરી કોલેજ અને પોલીક્લીનીકના ડોકટરો તેમજ રાજકોટની એનિમલ હેલ્પલાઈનના ડોકટરો અને તેમના મદદનીશો સેવા આપશે.

આ નિઃશુલ્ક પશુ ચિકિત્સા શિબિરનું આયોજન ગામ ચિખલી (નવસારી) ખાતે રવિવાર તા.૦૩/૦૪/૨૦૨૨ના રોજ સવારે ૯:૩૦ થી સાંજના ૫:૩૦ દરમિયાન કરવામાં આવ્યું છે. આ કેમ્પ દરમ્યાન હોર્ન કેન્સર , હરનીયા, પ્લાસ્ટિક રિમૂવલ, ગાઈનેક, ઓર્થોપેડિક જેવી સર્જરી કરવામાં આવશે.

આ પશુ નિદાન કેમ્પનું આયોજન શ્રી આદિ જીન યુવક ચેરીટેબલ ટ્રસ્ટ તેમજ શ્રીમતી અરુણાબેન શાંતિભાઈ શાહ તથા પરિવાર (જસપરા) , શ્રીમતી પ્રજ્ઞાબેન દીપકભાઈ શાહ તથા પરિવાર (પાટણ), શ્રીમતી હંસાબેન મનહરભાઈ શાહ તથા પરિવાર (પાટણ), શ્રીમતી ભારતીબેન અરુણભાઈ સંઘવી તથા પરિવાર (વાલકેશ્વર, મુંબઈ)નાં સહયોગથી કરવામાં આવ્યું છે. આ કેમ્પમાં જોડાવવા તેમજ વધુ માહિતી મેળવવા માટે જયેશભાઈ શાહ (જરીવાલા) (મો. ૯૯૨૦૪૯૪૪૩૩) , હિતેશભાઈ સંઘવી (મો. ૯૮૭૦૦૪૩૨૭૨)નો સંપર્ક કરવા જણાવાયું છે.

## રાજ્ય સરકારે ઘણાં અઘરા લાગતા વિકાસ કામો પૂર્ણ કરીને નેવાના પાણી મોંભે ચઢાયા છેઃ વિધાનસભા દંડક રમેશભાઈ કટારા

# દાહોદ જિલ્લામાં પાંચમા તબક્કાના સુજલામ સુફલામ જળ અભિયાનનો પ્રારંભ કરાવતા વિધાનસભા દંડક રમેશભાઈ કટારા

### સુજલામ સુફલામ જળસંચય અભિયાન ૨૦૨૨ અંતર્ગત દાહોદ જિલ્લામાં રૂ. ૨૦ કરોડથી વધુના ખર્ચે ૧૩૪૪ જળસંચયને લગતા વિકાસકાર્યો હાથ ધરાશે




આ અભિયાન અંતર્ગત છેલ્લા ચાર વર્ષમાં દાહોદમાં જળસંચયને લગતા ૩૭૭૩ કામો થયા, જેના પરિણામે ૯૦૨૮૬૫૧ ઘન મીટર જળસંગ્રહ શકય બન્યો અને ૨૫૨૬૯૬૮ માનવ રોજગારી પ્રાપ્ત થઈ.જિલ્લામાં સુઝલામ સુફલામ જળ અભિયાન ૨૦૨૨ નો પ્રારંભ વિધાનસભાના દંડક રમેશભાઈ કટારાએ કરાવ્યો છે. આ અભિયાન અંતર્ગત આ વર્ષે જિલ્લામાં રૂ. ૨૦૦૭.૩૩ લાખના ખર્ચે ૧૩૪૪ જેટલા જળસંચયને લગતા વિકાસકાર્યો માટેનું આયોજન કરાયું છે. જેનો પ્રારંભ આજથી વિધાનસભાના દંડકશ્રી સહિતના મહાનુભાવો દ્વારા સંજેલીના કુંડા ધામેણા સિંચાઇ તળાવ ખાતેથી કરવામાં આવ્યો છે.

વિધાનસભાનાદંડક રમેશ કટારાએ આ મહાઅભિયાનનો પ્રારંભ કરતા જણાવ્યું કે, રાજ્ય સરકારે ઘણાં અઘરા લાગતા વિકાસ કામો પૂર્ણ કરીને નેવાના પાણી મોંભે ચઢાયા છે. દાહોદમાં કડાણાનું પાણી કે હાફેશ્વરનું પાણી મળતું થશે એવું લોકો વિચારી પણ શકતા નહતા ત્યારે રાજ્ય સરકારે ખૂબ ઝડપથી આરંભેલી આ કામગીરી હવે પૂર્ણતાને આરે છે. જિલ્લામાં નલ સે જલ અંતર્ગત દરેક તાલુકાના દરેક ઘર સુધી પાણી પહોંચી જશે અને શુદ્ધ પીવાના પાણીની સમસ્યા દૂર થશે.

તેમણે ઉમેર્યું કે, બોર, કુવાના પાણી ઉંડે ઉતરતા મળતા નહોતા. રાજ્ય સરકાર દ્વારા આરંભવામાં આવેલા સુઝલામ સુફલામ અભિયાન થકી ભૂગર્ભ જળસ્તર ઊંચા આવતા આ સમસ્યાનું નિરાકરણ આવ્યું છે. આ અભિયાન થકી સિંચાઇ વ્યવસ્થા સુદ્રઢ થઇ છે અને ખેત ઉત્પાદનમાં પણ વધારો થયો છે.

આ પ્રસંગે સાંસદ જસવંતસિંહ ભાભોરે જણાવ્યું કે, સરકારે હર ખેત કો પાની, હર હાથ કો કામ સૂત્રને સાર્થક કરી બતાવ્યું છે. સુઝલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત ગત વર્ષે એટલે કે વર્ષ ૨૦૨૧ માં ૩૧૨૦ કામો દ્વારા ૪૨૧૧૮૨૨ ધનમીટર જળ સંગ્રહ થઈ શક્યો હતો. જયારે ૧૬૧૮૫૯૨ જેટલા માનવદિનની રોજગારી મળી શકી હતી. જયારે આ વર્ષે તળાવો ઊંડા કરવા, ચેકડેમ સમારકામ, નહેરોની સાફસફાઈ, વરસાદી પાણીના સંચય જેવા વિવિધ કામો હાથ ધરાશે. જેમાં લોકભાગીદારીથી રૂ. ૩૦૮ લાખના ખર્ચે ૧૧૬ કામો, મનરેગા અંતર્ગત રૂ. ૧૪૩૮.૮૧ લાખના ખર્ચે ૧૧૦૬ કામો, પાણીપુરવઠા, જળસંચય વિભાગીય કામગીરી હેઠળ રૂ. ૨૨૪.૪૩ લાખના ખર્ચે ૪૬ કામો, વનવિભાગ હેઠળ વિભાગીય કામગીરી અંતર્ગત રૂ. ૩૬.૦૯ લાખના ખર્ચે ૭૬ કામો કરવામાં આવશે.

આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ શીતલબેન વાઘેલાએ સુઝલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત છેલ્લા ચાર વર્ષમાં થયેલા કામોની વાત કરતા જણાવ્યું કે, આ અભિયાન અંતર્ગત છેલ્લા ચાર વર્ષમાં જળસંચયને લગતા ૩૭૭૩ કામો થયા. જેના પરિણામે ૯૦૨૮૬૫૧ ઘન મીટર જળસંગ્રહ શકય બન્યો અને ૨૫૨૬૯૬૮ માનવ રોજગારી પ્રાપ્ત થઈ હતી. જે આ અભિયાનની મોટી સફળતા છે.

આ વેળા મહાનુભાવોએ કુંડા ધામેણા સિંચાઇ તળાવને ઊંડુ કરવાના કામનો વિધિવત રીતે પ્રારંભ કરાવ્યો હતો અને વૃક્ષારોપણ પણ કર્યું હતું.

કાર્યક્રમમાં જિલ્લા વિકાસ અધિકારીનેહા કુમારી, કાર્યપાલક ઈજનેર આર.એમ.ડામોર, ઝાલોદના નાયબ કાર્યપાલક ઈજનેર વસૈયા, તાલુકા પંચાયત પ્રમુખ જિલ્લા પંચાયત કારોબારી સમિતિના અધ્યક્ષ જિથરાભાઈ, શિક્ષણ સમિતિના ચેરમેન પ્રફુલ્લભાઈ, અગ્રણી પર્વતસિંહ ડામોર, રૂચિતાબેન તેમજ જિલ્લા પંચાયતના સભ્યશ્રીઓ તેમજ ગ્રામજનો ઉપસ્થિત રહ્યાં હતા.

## મોડાસા ખાતે ટુ તથા ફોર વ્હીલર વાહનની સીરીઝના નંબરોની જાહેર હરાજી કરાશે

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

અરવલ્લી જીલ્લાની મોટરિંગ જનતાને સરકારશ્રીના મોટર વાહન ખાતાના તા ૧૨ ઓક્ટોબર ૨૦૧૭ના પરિપત્ર મુજબ હવે અગાઉ મેન્યુઅલ ચાલતી ઓક્શન પ્રક્રિયાને બંધ કરી સરળ, નિષ્પક્ષ, પારદર્શક અને ઝડપી ઓનલાઈન ઈ-ઓક્શન પ્રક્રિયાનું અમલીકરણ કરવાનું થયું છે.

જેના ભાગરૂપે એ આર.ટી.ઓ મોડાસામા ટુ વ્હીલર તથા ફોર વ્હીલર વાહનો માટે શરુ થયેલ નવી સીરીઝ GJ.31.P, GJ.31.M, GJ.31.N અને GJ.31.T 0001 થી 9999 નંબરો માટેની ઓનલાઈન ઈ-ઓક્શન પ્રક્રિયા માટે પસંદગી નંબર મેળવવા ઈચ્છતા વાહન માલિકોને તેમના વાહનનું રજીસ્ટ્રેશન કરાવીને પસંદગી નંબર મેળવવા આગામી તારીખ ૨૪ માર્ચ ૨૦૨૨ થી ૨૬ માર્ચ ૨૦૨૨ સુધી પાયાની રકમ ઓનલાઈન ભરી ઓનલાઈન એપ્લીકેશનમાં અરજી કરવાની રહેશે. તા.૨૭ માર્ચ ૨૦૨૨ થી સવારે ૧૨.૦૦ થી તા. ૨૮ માર્ચ સવારે ૧૧.૫૯ સુધી વાહન માલિકોએ પોતે પસંદ કરેલ નંબર માટેની ઓક્શન પ્રક્રિયામાં ઓનલાઈન બિડિંગમાં ભાગ લેવાનો રહેશે. આ બિડિંગ પ્રક્રિયામાં અરજદાર પસંદ કરેલ નંબર ટુ-વ્હીલર માટે રૂ.૨૦૦૦/- અને ફોર વ્હીલર માટે રૂ.૮૦૦૦/- ના ગુણાંકમાં બિડાણ કરવાની રહેશે.તા.૨૮ માર્ચ ૨૦૨૨ ના રોજ સાંજે ૦૫.૦૦ કલાકે ઓનલાઈન હરાજીમાં સફળ થયેલ ઉમેદવારને નંબર ફાળવી દેવામાં આવશે. જેની જાણ તેમને નોંધણી વખતે આપેલ મોબાઈલ નંબર અને ઈ-મેઈલ પર કરવામાં આવશે.એમ એક અખબારી યાદીમાં જણાવાયું છે.

## ગાંધીનગરમાં આત્મહત્યા કરનાર એસઆરપી જવાનના અંતિમ સંસ્કાર પાટણના રાજપુર ખાતે કરાયા



રિપોર્ટ નિખિલ જોશી પાટણ બ્યુરો

પાટણ તાલુકાના રાજપુર ગામે રહેતા અને ગાંધીનગર એસઆરપી ગ્રુપ ૩ ઇ કંપનીમાં ફરજ બજાવતા એસ આર પી જવાન ધનજીભાઈ પરમારે રવિવારના રોજ અગમ્ય કારણોસર પોતાની સર્વિસ બંદૂકથી જાતે જ પોતાના માથાના ભાગે ફાયર કરી પોતાની જીવનલીલા સંકેલી લીધી હતી જેમના મૃતદેહને અંતિમવિધિ માટે તેમના માદરે વતન પાટણના રાજપુર ખાતે લવાયો હતો

પ્રાપ્ત વિગત મુજબ ગાંધીનગર એસઆરપી માં ફરજ બજાવતા મૂળ પાટણના રાજપુર ગામના ધનજીભાઈ પરમાર દ્વારા રવિવારના રોજ કોઈ અગમ્ય કારણોસર પોતાની સર્વિસ બંદૂકથી જાતે જ પોતાના લમણા ના ભાગે ફાયર કરતાં કમકમાટી ભર્યું મોત નીપજયું હતું ત્યારે આજરોજ સોમવારના દિવસે જવાનો મૃતદેહને ગાંધીનગરથી તેમના વતન રાજપુર ખાતે લવાયો હતો જ્યાં પોલીસ દ્વારા ગાર્ડ ઓફ ઓનર આપી સલામી આપવામાં આવી હતી તેમજ જ્યાં શ્રદ્ધા સુમન સાથે જવાનની અંતિમ વિધિ કરવામાં આવી હતી બનાવને પગલે પોતાના પરિવારમાં દુઃખની લાગણી છવાઈ ગઈ હતી તેમજ પરિવારજનો હૈયાફાટ રૂદન કરતા જોવા મળી રહ્યા હતા મૃતક જવાન ની અંતિમ ક્રિયામાં પરિવારજનો તેમજ ગ્રામજનો મોટી સંખ્યામાં જોડાયા હતા

### છાપી પોલીસે ખોલી ત્રીજી આંખઃ બુટલેગરો માં ફફડાટ

## દેશી દારૂ નો વેપાર કરતા બુટલેગરો સામે તવાઈ ૩૭ લીટર દારૂ ઝડપ્યો.




બનાસકાંઠા બ્યુરો

રિપોર્ટ : દીલીપ ગોહીલ

વડગામ તાલુકાના છાપી વિસ્તારમાં રવિવારે છાપી પોલીસે આઠ સ્થળો ઉપર સામુહિક દરોડા પાડી દેશીદારૂનું વેચાણ કરતા આઠ બુટલેગરોની અટકાયત કરી કુલ ૩૭ લીટર દેશીદારૂ સહિત ૯૦ લીટર દારૂ બનાવવાનો વોશ ઝડપી પાડી કાયદેસર કાર્યવાહી હાથ ધરતા બુટલેગરામાં ફફડાટ વ્યાપી ગયો હતો. પ્રાપ્ત વિગતો મુજબ જિલ્લા પોલીસ અધિક્ષક દ્વારા પ્રોહીબિશન સ્પેશિયલ ડ્રાઇવ જાહેર કરાતાં છાપી પીએસઆઇ એસ.ડી.ચૌધરી સહિતની ટીમે રવિવારે નાગરપુરા, રૂપાલ, છાપી, નાવીસણા અને બસુ ગામે દેશી દારૂનું વેચાણ કરતા આઠ સ્થળો ઉપર સામુહિક દરોડા પાડ્યા હતા.

જેમાં કુલ ૯૦ લીટર દેશી દારૂ બનાવવાનો વોશ સહિત કુલ ૩૭ લીટર દેશી દારૂ કુલ કિંમત રૂ ૧૦૮૦ નો ઝડપી પાડી ત્રણ મહિલા સહિત કુલ આઠ બુટલેગરોની અટકાયત કરી પ્રોહીબિશન એક્ટ મુજબ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી છાપી પોલીસ દ્વારા અચાનક દારૂ નું વેચાણ કરતા તત્વો ઉપર કાર્યવાહી હાથ ધરાતા બુટલેગરોમાં ફફડાટ મચી ગયો હતો.

### ભારતમાં ગુરુકુલ પરંપરાને પુનઃ પ્રસ્થાપિત કરી ભારતને શ્રેષ્ઠ બનાવીએ : મુખ્યમંત્રીશ્રી

## SGVP ખાતે સ્વામી માધવપ્રિયદાસજી લિખિત ધર્મજીવન ગાથા ગ્રંથના વિમોચન પ્રસંગે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીની વર્ચ્યુઅલ ઉપસ્થિતી, મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ થયા સહભાગી




અમદાવાદના સરખેજ-ગાંધીનગર હાઈવે સ્થિત જીર્ફે ગુરુકુળ ખાતે આયોજિત ભાવવંદના પર્વને સંબોધતા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું કે, તેમણે આપેલા ×સબકા સાથ સબકા વિશ્વાસ સબકા વિશ્વાસ×ના સૂત્ર મૂળમાં પૂજ્ય શાસ્ત્રીજી -સ્વામી ધર્મજીવનદાસજીનો વિચાર રહેલો છે.

આ અવસરે સ્વામીશ્રી માધવપ્રિયદાસજી લિખિત ધર્મજીવન ગાથા ગ્રંથના વિમોચન પ્રસંગે વિશાળ જનમેદનીને વર્ચ્યુઅલી સંબોધતા વડાપ્રધાનશ્રીએ કહ્યું કે , સ્વામીનારાયણ સંપ્રદાય ના સત્સંગીઓ સ્વદેશીનો વિચાર અપનાવી આત્મનિર્ભર ભારતના સંકલ્પને સાકાર કરવામાં મહત્વની ભૂમિકા ભજવી શકે તેમ છે.

તેમણે સંતગણને સત્સંગીઓના પરિવારજનોની સામૂહિક શક્તિને જોડી આઝાદીના અમૃત મહોત્સવમાં યોગદાન આપવા માટે પણ અપીલ કરી હતી. તેમણે એમ પણ કહ્યું કે સ્વચ્છ ભારતના નિર્માણમાં સત્સંગીઓની સામૂહિક શક્તિ ઘણી ઉપયોગી થઈ પડે તેમ છે.

વડાપ્રધાનશ્રીએ કહ્યું કે ,આપણી ગુરુકુળ પરંપરા એ ભવ્ય ભૂતકાળ અને ઉજ્જવળ ભવિષ્યને જોડતી કડી છે.

આ અવસરે સ્વામી શ્રી માધવપ્રિયદાસજીના હસ્તે લિખિત ×ધર્મજીવન જીવનગાથા× ગ્રંથની પ્રથમ નકલ મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઇ પટેલને અર્પણ કરી હતી.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે તેમના પ્રાસંગિક ઉદબોધનમાં જણાવ્યું હતું કે ,સ્વામી શ્રી ધર્મજીવનદાસજીએ ભગવાન સ્વામિનારાયણ દ્વારા પ્રબોધવામાં આવેલા શિક્ષાપત્રીના સંદેશને જીવનમાં ઝીલીને સમાજ ઘડતરનું કાર્ય કર્યું.

મુખ્યમંત્રીશ્રીએ આ તકે ભારતની ગુરુકુળ પરંપરાનો ઉલ્લેખ કરતા કહ્યું કે , ગુરુકુળ પરંપરાને પુનઃ પ્રસ્થાપિત કરી આપણે× શ્રેષ્ઠ ભારત×ની સંકલ્પના સાકાર કરી શકીએ તેમ છીએ. મુખ્યમંત્રીશ્રીએ આ અવસરે સમાજને વ્યસનમુક્ત બનાવવામાં સ્વામિનારાયણ સંપ્રદાયએ ભજવેલી ભૂમિકાની પણ સરાહના કરી હતી.

આ કાર્યક્રમમાં કેન્દ્રીયમંત્રીશ્રી પરસોતમભાઈ રૂપાલા, અમદાવાદ શહેરના મેયર શ્રી કિરીટભાઈ પરમાર, કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલ , દિલ્હી હાઈકોર્ટના પૂર્વ મુખ્ય ન્યાયમૂર્તિ ડી.એન પટેલ અને સ્વામિનારાયણ સંપ્રદાયનો સંત ગણ તેમજ વિશાળ સંખ્યા માં હરિભક્તોઉપસ્થિત રહ્યા હતા.

## મુખ્યમંત્રીશ્રી એ અમદાવાદ મહાનગર પાલિકામાં પીવાના પાણીના વિતરણ માટે ૮૭ કરોડ રૂપિયાના કામોની સૈદ્ધાંતિક મંજૂરી આપી

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદ મહા નગરપાલિકામાં પીવાના પાણીના વિતરણ માટે ૮૭.૧૬ કરોડ રૂપિયાના કામોને સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. અમદાવાદ મહા નગરપાલિકાએ શહેરના કોતરપુર વોટર વર્કસ ખાતે હયાત ૬૫૦ એમ એલ ડી તથા ૨૦૦ એમ એલ ડી ક્ષમતાના વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ કાર્યરત કર્યા છે તેમજ વધારાના ૩૦૦ એમ એલ ડી ના પ્લાન્ટના આયોજન સાથે આ પ્લાન્ટની કુલ ક્ષમતા ૧૧૫૦ એમ એલ ડી થશે.

મહા નગરપાલિકાએ ગુજરાત અર્બન ડેવલપમેન્ટ મિશન મારફતે મુખ્યમંત્રીશ્રી સમક્ષ પ્રસ્તુત કરેલી દરખાસ્તમાં જણાવાયું છે કે કોતરપુર વોટર વર્કસ માંથી હાલ અમદાવાદ મહાનગરના ઉત્તર, પૂર્વ, મધ્ય, દક્ષિણ તથા પશ્ચિમ ઝોનમાં પાણી પૂરવઠો પૂરો પાડવામાં આવે છે.

પશ્ચિમ અને મધ્ય ઝોનના વોટર ડિસ્ટ્રીબ્યુશન સ્ટેશનને કોતરપુર ના ૬૫૦, ૨૦૦ અને ૩૦૦ એમ એલ ડી ક્ષમતા ના વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટનું આંતરિક જોડાણ કરીને પ્રવર્તમાન સ્થિતિ એ વધારાની અને ભવિષ્યની પાણી ની જરૂરિયાત સંતોષવા ટ્રંક મેઈન પાઈલાઈન નાખવાનું અમદાવાદ મહાનગરપાલિકાએ આયોજન કર્યું છે. આ હેતુસર મહા નગરપાલિકાએ કોતરપુર વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટનું આંતરિક જોડાણ કરીને સાબરમતી નદી ઉપર બ્રિજ બનાવી ભાટગામ પાછળના ગાંધીનગર મહાનગરપાલિકા હસ્તક રીંગરોડ પર, ભાટ સર્કલ, તપોવન સર્કલ થઈને વિસત તરફ જતા માર્ગ પરના પ્રમુખ સ્વામી મહારાજ રોડ સુધી જુદા જુદા વ્યાસની એમ.એસ પાઈપ નાખીને હાલના ૧૩૦૦ મી.મી વ્યાસની લાઇન સાથે જોડાણ કરવાના કામોના ડી.પી.આર આપેલા છે.

મુખ્યમંત્રીશ્રીએ આ દરખાસ્તનો સર્વગ્રાહી અભ્યાસ કરીને ૨૨૦૦, ૧૬૦૦,૧૪૦૦ તથા ૮૦૦ મી.મી. ડાયાની એમ.એસ. પાઈલાઈન કામો માટે ૫૮.૨૦ કરોડ, ૩૦૦૦ મી.મી ડાયા એમ.એસ પાઈપ પૂશિંગ માટે ૨.૪૨ કરોડ રૂપિયાના કામો મંજૂર કર્યા છે. આ ઉપરાંત તેમણે ૨૨૦૦ એમ એમ ડાયાની પાઈપ લાઇનને સાબરમતી નદી પાર કરાવવા માટે બ્રિજના કામો માટે ૧૫.૮૪ કરોડ, રોડ રિસરફેસિંગ કામો માટે ૧૦ કરોડ મળી સમગ્રતયા ૮૭.૧૬ કરોડ રૂપિયાના કામો મંજૂર કર્યા છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે તાજેતરના ભૂતકાળમાં જાસપુર વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટમાંથી પાણી વિતરણ ના કામો માટે ૧૬૮.૭૩ કરોડના કામોની સૈદ્ધાંતિક મંજૂરી આપેલી છે. હવે તેમણે અમદાવાદ પૂર્વના આ કોતરપુર વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટમાંથી જળ વિતરણ માટે ૮૭.૧૬ કરોડના કામોની સૈદ્ધાંતિક અનુમતિ આપતા કુલ ૨૫૫.૮૯ કરોડના કામો અમદાવાદ મહાનગરમાં હાથ ધરાશે.

### આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશ પટેલની અમદાવાદ ખાતેના 'વર્લ્ડ ઓરલ હેલ્થ ડે' કાર્યક્રમમાં પ્રેરક ઉપસ્થિતિ

## કોવિડ-૧૯ અને મ્યુકરમાઈકોસિસની કટોકટી દરમિયાન રાજ્યના ડેન્ટીસ્ટોએ તબીબી સેવા પૂરી પાડી માનવતાનું ઉત્તમ ઉદાહરણ પ્રસ્તુત કર્યુઃ આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ




અમદાવાદની સિવિલ હોસ્પિટલ ખાતે 'વર્લ્ડ ઓરલ હેલ્થ ડે' નિમિત્તે સંબોધન કરતા રાજ્યના આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે કોવિડ-૧૯ મહામારીના કટોકટીકાળમાં ડેન્ટિસ્ટઓએ તબીબી સેવા પૂરી પાડી માનવ સેવાનું ઉત્તમ ઉદાહરણ પ્રસ્તુત કર્યું છે.

આરોગ્યમંત્રીશ્રીએ કહ્યું કે ,અમદાવાદ ડેન્ટલ હોસ્પિટલ દ્વારા કોરોના કાળમાં ૪૯૧ મૂકરમાઈકોસિસના દર્દીઓની સફળતાપૂર્વક સર્જરી કરવામાં આવી, જે આ તબીબોની નિપુણતા દર્શાવે છે.

શ્રી ઋષિકેશભાઈ એ કોવિડ-૧૯ મહામારીનું ઉલ્લેખ કરતાં કહ્યું કે કોરોના કાળ દરમિયાન જ્યારે ડોક્ટરની જરૂરિયાત ઉભી થઇ હતી ત્યારે ડેન્ટિસ્ટઓએ સ્વૈચ્છિક રીતે આગળ આવીને તબીબી સહાય પૂરી પાડી માનવતાનું ઉત્તમ ઉદાહરણ પ્રસ્તુત કર્યું હતું.

તેમણે વધુમાં જણાવ્યું હતુ કે, સ્વાસ્થ્ય એ માનવીની સૌથી મોટી સંપતિ છે અને જો વ્યક્તિનું સ્વાસ્થ્ય સારું ન હોય તો તે વ્યક્તિ જીવનમાં સંપૂર્ણ આનંદ ઉઠાવી શકતો નથી તેથી સ્વાસ્થ્યની કાળજી લેવી જરૂરી છે. આ સંદર્ભે તેમણે ઓરલ હેલ્થનો સંદર્ભ આપતા કહ્યું કે, આપણે શારીરિક તંદુરસ્તી પર ધ્યાન આપીએ છે એટલું જ ધ્યાન મોઢા સ્વાસ્થ્ય પર પણ આપવું જોઈએ .મંત્રીશ્રીએ ઉમેર્યું કે, તંદુરસ્ત પેઢા ,મજબૂત દાંત ,મોં અને જીભ એકંદરે સારા સ્વાસ્થ્ય અને સ્વચ્છતાની નિશાની છે.

આરોગ્ય મંત્રીશ્રીએ આ અવસરે તમાકુ સેવન ના દુષ્પરિણામો અંગે યુવાનોને ચેતવતા કહ્યું કે આજે લોકો જાણે-અજાણે તમાકુના સેવનનો શિકાર બની રહ્યા છે અને અંતે મોંના કેન્સર જેવા ગંભીર રોગનો ભોગ બને છે , તે સંજોગોમાં યુવાનોમાં વ્યસનમુક્તિ માટે ડેન્ટિસ્ટ કેન્દ્રીય ભૂમિકા ભજવે છે અને લોકોને તમાકુની ખરાબ આદત છોડાવવા મદદ કરે છે.

આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશ પટેલ અને ઉપસ્થિત મહાનુભાવો દ્વારા રાજ્યની વિવિધ ડેન્ટલ કોલેજ દ્વારા કોરોનાકાળ અને મ્યુકરમાઈકોસિસ દરમિયાન કરવામાં આવેલી સરાહનીય કામગીરીને પ્રશસ્તિ પત્ર આપીને સન્માન કરવામાં આવ્યું હતુ.

'વર્લ્ડ ઓરલ હેલ્થ ડે-૨૦૨૨' ના દિવસે આરોગ્ય મંત્રીશ્રીના હસ્તે દાંત અને પેઢાના સ્વાસ્થ્ય અંગેની માહિતી આપતી પુસ્તિકાનું અનાવરણ કરાયું.

ઓરલ હેલ્થ ડે દિવસે મંત્રીશ્રીએ ડૉ પ્રતિભા આઠવલે દ્વારા 'ઓરલ હેલ્થ' ક્ષેત્રે કરવામાં આવેલી જનજાગૃતિની ઉત્કૃષ્ટ કામગીરીને યાદ કરી હતી.

આરોગ્ય વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી મનોજ અગ્રવાલે ડેન્ટલ કોલેજ દ્વારા વિવિધ જનજાગૃતિના વિષય આધારિત વર્કશોપનું આયોજન કરીને ઓરલ હેલ્થ અંગે કરવામાં આવી રહેલ મહત્વની કામગીરીની સરાહના કરી હતી.

તેમણે ડેન્ટલ ક્ષેત્રે ટેલિમેડીસીન ના સેવા કાર્યરત કરવા સરકાર પ્રતિબદ્ધ હોવાનું આ પ્રસંગે કહ્યું હતું.

આજના કાર્યક્રમમાં અમદાવાદ મેયર શ્રી કિરીટભાઈ પરમાર, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન શ્રી હિતેન્દ્રભાઈ બારોટ, તબીબી શિક્ષણ અધિક નિયામક શ્રી રાધવ દીક્ષિત, સિવિલ મેડિસીટીની વિવિધ હોસ્પિટલના ડાયરેક્ટર, સુપ્રિટેન્ડન્ટ, ડીન શ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

- અમિતસિંહ ચૌહાણ

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

CYMK